dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 307 | AD - 2024, Shravan Sud -05 | Friday, Dt.09-08-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સંસદમાં વકફ (સુધારા) બિલ - ૨૦૨૪ રજૂ કરવામાં આવતા ભારે હોબાળો

# વકફ બિલ લોકસભામાં રજૂ, વિપક્ષોનો વિરોધ

## વિપક્ષની તમામ આશંકાઓ દૂર કરવામાં આવશે : કિરેન રિજિજુ

નવીદિલ્હી,તા.૮

કેન્દ્રીય લઘુમતી બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ લોકસભામાં વકફ (સુધારા) બિલ, ૨૦૨૪ રજૂ કર્યું હતું જોકે આ બિલનો કોંગ્રેસ અને સપા સહિત ભારતીય સહયોગી પક્ષોએ જોરદાર વિરોધ કર્યો હતો. આ બિલને લઈને લોકસભામાં ભારે હોબાળો થયો હતો. કોંગ્રેસના સાંસદ કેસી વેણુગોપાલે લોકસભામાં વકફ (સુધારા) બિલનો વિરોધ કરતા કહ્યું કે આ બિલ બંધારણ પર મૂળભૂત હુમલો છે. આ બિલ દ્વારા તેઓ એવી જોગવાઈ કરી રહ્યા છે કે બિન-મુસ્લિમો પણ વક્ફ ગવર્નિંગ કાઉન્સિલના સભ્ય હશે. આ ધર્મની સ્વતંત્રતા પર સીધો હુમલો છે. આ પછી ખ્રિસ્તીઓનો નંબર આવશે, પછી જૈનોનો. જો કે આ બિલ આજે લોકસભામાં પસાર થઈ શક્યું ન હતું.

કેન્દ્રીય લઘુમતી બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ બિલ રજૂ કરતા કહ્યું કે વિપક્ષની તમામ આશંકાઓ દૂર કરવામાં આવશે. આ બિલ કોઈના અધિકારો છીનવી લેવા માટે લાવવામાં આવ્યું નથી પરંતુ જેમને ક્યારેય તેમનો અધિકાર મળ્યો નથી તેમને અધિકાર આપવા માટે લાવવામાં આવ્યો છે. વકફ બોર્ડ એક્ટમાં સુધારા બિલ રજૂ થતાં જ લોકસભામાં હોબાળો શરૂ થયો હતો. બાદમાં કેન્દ્રીય મંત્રી રિજિજુએ કહ્યું, 'આ બિલ કોઈપણ ધાર્મિક સંસ્થાની સ્વતંત્રતામાં દખલ નહીં કરે. કોઈના અધિકારો છીનવી લેવાનું ભૂલી જાઓ, આ બિલ એવા લોકોને આપવા માટે લાવવામાં



આવ્યું છે જેમને ક્યારેય અધિકાર નથી મળ્યા. તેમણે વધુમાં કહ્યું કે, 'આ બિલ દ્વારા બંધારણનું ઉલ્લંઘન નથી થઈ રહ્યું. જેમને નથી મળ્યા તેમને અધિકાર આપવા માટે આ પગલું ભરવામાં આવી રહ્યું છે. કોઈપણ ધર્મમાં દખલગીરી નથી. વિપક્ષની તમામ આશંકાઓ દૂર કરવામાં આવશે. આ બિલનું સમર્થન કરો, તમને કરોડો લોકોના આશીર્વાદ મળશે. રિજિજુએ કહ્યું, 'આજે જે બિલ લાવવામાં આવી રહ્યું છે તે સચ્ચર કમિટીના રિપોર્ટ પર આધારિત છે (જેમાં સુધારાની વાત કરવામાં આવી હતી), જે તમારા (કોંગ્રેસ) દ્વારા બનાવવામાં આવી હતી.'

રિજિજુએ કહ્યું, 'તેઓ (વિપક્ષ) મુસ્લિમોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. મોડી રાત સુધી મુસ્લિમ પ્રતિનિધિમંડળ મારી પાસે આવ્યું હતું. ઘણા સાંસદોએ મને કહ્યું છે કે માફિયાઓએ વક્ફ બોર્ડ પર કબજો કરી લીધો છે. કેટલાક સાંસદોએ કહ્યું છે કે તેઓ વ્યક્તિગત રીતે બિલને સમર્થન આપે છે, પરંતુ તેમના રાજકીય પક્ષોને કારણે તેમ નથી કહી રહ્યા. અમે આ બિલ પર બહુ-સ્તરીય દેશવ્યાપી ચર્ચાઓ કરી છે. જ્યારે વિપક્ષે નેતાઓના નામ પૂછ્યા તો મંત્રીએ કહ્યું, 'હું તમારા રાજકીય સંબંધો બગાડીશ નહીં. એટલા માટે હું નામ નહિ કહું. લઘુમતી બાબતોના મંત્રીએ કહ્યું કે આ બિલને હવે 'યુનાઈટેડ વકફ એક્ટ મેનેજમેન્ટ, એમ્પાવરમેન્ટ, એફિશિયન્સી એન્ડ ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૯૫- 'ઉમેદ' નામ આપવામાં આવ્યું છે. તેથી, હું આશા રાખું છું કે તમે બિલની જોગવાઈઓને સમજશો અને સમર્થન કરશો. તેમણે વધુમાં કહ્યું કે, 'સંસદના સભ્યોને કોઈ ધર્મ સાથે જોડવા યોગ્ય નથી. અમે એવું નથી કહી રહ્યા કે અલગ-અલગ ધર્મના લોકોને વક્ફ બોર્ડનો ભાગ બનાવવામાં આવે. અમે કહી રહ્યા છીએ કે સંસદ સભ્ય વકફ બોર્ડનો સભ્ય હોવો જોઈએ. હવે જો સાંસદ હિંદુ હોય કે ખ્રિસ્તી, તો આપણે તેના વિશે શું કરી શકીએ. હવે જો સાંસદ હોવાના આધારે વકફ બોર્ડમાં કોઈ સાંસદ ઉમેરવામાં આવે તો શું આપણે સાંસદનો ધર્મ બદલવો જોઈએ? વિપક્ષ અર્થહીન મુદ્દો બનાવી રહ્યો છે.

# વાયનાડના ભૂસ્ખલનમાં મૃત્યુઆંક ૪૧૩ થયો, પીએમ મોદી પ્રભાવિત વિસ્તારની મુલાકાત લેશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૮

કેરળના વાયનાડમાં ભારે વરસાદને પગલે થયેલા વિનાશક ભૂસ્ખલનમાં મૃત્યુઆંક વધીને ૪૧૩ થયો છે, જ્યારે ૧૫૨ લોકો હજુ પણ ગુમ છે. બુધવારે નવમા દિવસે રાહત અને બચાવ કામગીરી ચાલુ રહી હતી.



દરમિયાન, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦ ઓગસ્ટે ભૂસ્ખલનગ્રસ્ત વાયનાડની મુલાકાત લેશે અને અસરગ્રસ્તોને મળશે. એક સૂત્રએ જણાવ્યું કે વડાપ્રધાન એક વિશેષ વિમાન દ્વારા કન્નુર પહોંચશે. ત્યાંથી તેઓ હેલિકોપ્ટર દ્વારા ભૂસ્ખલન પ્રભાવિત વિસ્તારોનો હવાઈ સર્વે કરશે. આ પછી તે કેટલાક રાહત શિબિરોની મુલાકાત લેશે, જ્યાં હાલમાં ૧૦,૦૦૦ થી વધુ લોકો આશ્રય લઈ રહ્યા છે.

બીજી તરફ, વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે લોકસભામાં કહ્યું – 'હું કેન્દ્ર સરકારને વિનંતી કરું છું કે વાયનાડ માટે એક વ્યાપક પુનર્વસન પેકેજ આપે. કેન્દ્ર સરકારે લોકોને આપવામાં આવતા વળતરમાં પણ વધારો કરવો જોઈએ. કેન્દ્રએ વાયનાડ ભૂસ્ખલનને રાષ્ટ્રીય આપત્તિ જાહેર કરવી જોઈએ.

# સતત ૯મી વાર રેપો રેટમાં કોઈ ફેરફાર નહીં, લોન ધારકોને હાશકારો

(એ.આર.એલ),મુંબઈ,તા.૮

રેપો રેટને લઈ સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. દેશમાં વધતા જતા ફુગાવાને ધ્યાનમાં રાખીને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તેની ઓગસ્ટની નાણાકીય નીતિ સમીક્ષામાં રેપો રેટને પહેલાની જેમ ૬.૫ ટકા પર જાળવી રાખ્યો છે. આ સતત ૯મી વખત છે જ્યારે મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં રેપો રેટને યથાવત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રેપો રેટ છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૩માં બદલાયો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની એમપીસી બેઠકના પરિણામો આવી ગયા છે. સેન્ટ્રલ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે સવારે ૧૦ વાગ્યે બજેટ પછી યોજાયેલી પ્રથમ નાણાકીય નીતિ સમિતિની બેઠકના પરિણામોની જાહેરાત કરતા કહ્યું કે, આ વખતે પણ નીતિ દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. એટલે કે તમારી લોનની ઈએમઆઈ ન તો વધશે કે ઘટશે. સતત નવમી વખત રિઝર્વ બેંકે પોલિસી રેટને ૬.૫ ટકા પર યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે. શક્તિકાંત દાસે કહ્યું કે, ૬ માંથી ૪ સભ્યો રેપો રેટમાં કોઈ ફેરફાર ન કરવાના પક્ષમાં હતા. રેપો રેટ અંગે જાહેરાત કરવાની સાથે તેમણે વૈશ્વિક સંકટ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. ભારતમાં ફુગાવાનો દર હજુ પણ આરબીઆઈ દ્વારા નિર્ધારિત ૨-૬%ની રેન્જમાં છે. જૂનમાં રિટેલ મોંઘવારી દર ૫.૦૮ ટકાના ચાર મહિનાના ઉચ્ચ સ્તરે હતો. જ્યાં સુધી છૂટક ફુગાવાના દરમાં ઘટાડો ન થાય ત્યાં સુધી રેપો રેટમાં ઘટાડો થવાની શક્યતા ઓછી છે.







# પેરિસ ઓલિમ્પિકમાં સ્પેનને ૨-૧થી હરાવી ભારતે બ્રોન્ઝ મેડલ જીત્યો



પેરિસ તા.૮

પેરિસ ઓલિમ્પિકમાં ભારતે ચોથો મેડલ જીત્યો છે. ટીમ ઈન્ડિયાએ બ્રોન્ઝ મેડલ મેચમાં સ્પેનને ૨-૧થી હરાવ્યું છે. પેરિસ ઓલિમ્પિકમાં ભારત અને સ્પેન વચ્ચે બ્રોન્ઝ મેડલનો મુકાબલો થયો હતો. ભારતીય ટીમ ૨-૧થી આગળ રહી. ૩૩મી મિનિટે કેપ્ટન હરમનપ્રીત સિંહે પેનલ્ટી કોર્નર પર ગોલ કર્યો હતો. તેણે ૩૦મી મિનિટે પેનલ્ટી પણ ફટકારી હતી. હાફ ટાઈમ સુધી સ્કોર ૧-૧ની બરાબરી પર રહ્યો હતો. ૧૮મી મિનિટે માર્ક મિરાલેસ પોર્ટિલોએ પેનલ્ટી સ્ટ્રોક પર ગોલ કર્યો હતો. બ્રોન્ઝ મેડલની સાથે હોકી ટીમે પોતાના સિનિયર પ્લેયર અને દિગ્ગજ ગોલકીપર શ્રીજેશને મેડલ સાથે વિદાય આપી કારણ કે તેણે પહેલા જ નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી. તેવામાં શ્રીજેશને સન્માનજનક વિદાય પણ ભારતના આ શાનદાર પ્રદર્શનને કારણે શક્ય બની છે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૦૯-૦૮-૨૦૨૪

લાઠીના હીરાણા ગામે પશુ ચરાવવા ગયેલા

# બે પિતરાઈ ભાઈઓના તળાવમાં ડૂબી જતા કરૂણ મોત

**બે બાળકોના મોત થતા નાના એવા ગામમાં શોકનો માહોલ છવાયો**

લાઠી,તા.૮

લાઠી તાલુકાના હીરાણા ગામે પશુ ચરાવવા ગયેલા બે પિતરાઈ ભાઈઓના તળાવમાં ડૂબી જવાથી મોત નિપજ્યા હતા. બંનેના મૃતદેહોને પીએમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના હીરાણા ગામમાં રહેતા રાજુભાઈ ગોલાણીના પુત્ર ધાર્મિક અને તેના ભાઈ મિલનભાઈ ગોલાણીના પુત્ર તુષાર અને અન્ય એક બાળક પશુ ચરાવવા તળાવ પાસે ગયા હતા. જયાં એક ભેંસ તળાવમાં



તસવીર : મિલન જે. ખેર



ચાલી જતા એક બાળક ભેંસને કાઢવા માટે તળાવમાં જતા બાળક ડૂબવા લાગ્યો હતો જેથી તેનો પિતરાઈ ભાઈ તેને બચાવવા માટે તળાવમાં જતા બંને બાળકો ડૂબી ગયા હતા. ગામના સ્થાનિક તરવૈયાઓની મદદથી બંને બાળકોને બહાર કાઢી તાત્કાલિક સારવાર અર્થે દવાખાને ખસેડયા હતા. જયાં ફરજ પરના ડોકટરોએ બંને બાળકોને મૃત જાહેર કરતા પરિવારજનોમાં કાળો કલ્પાંત સર્જાયો હતો. નાના એવા ગામમાં બે બાળકોના મોત થતા શોકનો માહોલ છવાયો છે.

**એકના એક દીકરાના મોતથી પરિવારમાં કાળો કલ્પાંત**

હીરાણા ગામની વાડી વિસ્તારમાં રહેતા મિલનભાઈ ગોલાણી અને તેના પિતરાઈ ભાઈ રાજુભાઈ ગોલાણીના બે પુત્રો ધાર્મિક અને તુષાર ભેંસો ચરાવવા માટે તળાવના કાંઠે સવારના ૯ કલાકે ગયા હતા. જો કે શાળાએ જવાનો સમય થવા આવ્યો હોવા છતાં બાળકો ઘરે નહી આવતા રાજુભાઈ ગોલાણી બાળકોને લેવા માટે તળાવના કાંઠે ગયા હતા જયાં તેમનો બીજો પુત્ર અજય તળાવમાં ખૂંપેલો હોય રડતો હતો અને પિતાને જણાવ્યુ હતું કે ભાઈઓ તળાવમાં ડૂબી ગયા છે જેથી રાજુભાઈએ તાત્કાલિક ગામમાં જઈ વાત કરતા ગ્રામજનોએ બંને બાળકોને બહાર કાઢયા હતા. જાણવા મળતી માહિતી મુજબ મૃતક તુષાર મિલનભાઈ ગોલાણીનો એકનો એક પુત્ર હોવાથી પરિવારમાં કાળો કલ્પાંત સર્જાયો હતો.

સાવરકુંડલા શહેર ભાજપ તેમજ નગરપાલિકા દ્વારા રજૂઆતને પગલે

# સા.કુંડલાના અમરેલી રોડ પર પડેલા ખાડાનું રિપેરીંગ કામ શરૂ

**કામ શરૂ થવાથી વાહન ચાલકોને રાહત મળી અને શહેરીજનોમાં ખુશીનો માહોલ**

સાવરકુંડલા, તા.૮

સ્ટેટ હાઈવે પર સાવરકુંડલા શહેરમાંથી પસાર થતા અમરેલી રોડ પર રામદેવપીર મંદિર પાસે પડેલા ખાડાની સમસ્યાનું નિરાકરણ લાવવા માટે કામ શરૂ કરવામાં આવ્યું છે. એ રોડના મુખ્ય માર્ગમાં ખૂબ મોટા ગાબડા પડી ગયા હતા, જેને કારણે વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો.



આ મુદ્દે શહેર ભાજપના નેતૃત્વમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી દ્વારા સ્ટેટ હાઈવેના અધિકારીઓને રજૂઆત કરવામાં આવી હતી. તાલુકા સંકલન બેઠકમાં આ મુદ્દો મૂકવામાં આવ્યો, જેના અનુસંધાને સ્ટેટ હાઈવેના અધિકારીઓએ સ્થળ નિરીક્ષણ કર્યું અને વરસાદી પાણીની ગટર દ્વારા આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવાની યોજના બનાવી. આ રોડના પેવર બ્લોકનું કામ શરૂ કરવામાં આવ્યું, જેમાં શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, મહામંત્રી રાજેશભાઈ નાગ્રેચા, યુવા મોરચાના પ્રમુખ અનિરુદ્ધસિંહ રાઠોડ અને સ્ટેટ હાઈવેના અધિકારીઓ સ્થળ પર હાજર રહ્યા હતા. આ કામ શરૂ થવાથી વાહન ચાલકોને રાહત મળી છે અને શહેરીજનોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે.

# રાજુલામાં ખૂંટિયાના ત્રાસ અંગે બાર એસોસિએશનનું આવેદન

**રાજુલા બાર એસોસિએશને ધારાસભ્ય તથા ડેપ્યુટી કલેક્ટર અને ચીફ ઓફિસરને રજૂઆત કરી**

રાજુલા, તા.૮

છેલ્લા ઘણા સમયથી રાજુલા શહેરમાં ખૂંટિયાનો મુદ્દો ઉભો થયો છે. આ બાબતે રાજુલા બાર એસોસિએશને આજે સરકારી



તંત્રને દબાણ કર્યું છે. આજરોજ રાજુલા બાર એસોસિએશનના પ્રમુખ વિજયભાઈ વરુ અને વકીલ મિત્રો દ્વારા રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ તથા ડેપ્યુટી કલેક્ટર અને ચીફ ઓફિસરને એક આવેદનપત્ર પર લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવી હતી. આ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, જો આગામી સમયમાં આ ખૂંટિયા પ્રશ્ને કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવે, તો નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જઈ કાર્યવાહી કરવામાં આવશે.

# ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના બાળકોને ટીટેનસ વેક્સીન આપવામાં આવી

ચલાલા, તા.૮

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના બાળકોને આરોગ્ય વિભાગ દ્વારા ટીટેનસ (ધનુર) વેક્સીન આપવામાં આવી છે. આ કાર્યક્રમનો પ્રારંભ સંસ્થાના વડા ડો. રતિદાદા અને ડાયરેક્ટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. પી.એચ.સી. હેલ્થ સેન્ટર



ગોપાલગ્રામના ડો. સાગઠીયા દીપાલીબેન અને કાળીયા ઈલાબેન દ્વારા બાળકોને ટીટેનસ વેક્સીન આપવામાં આવી હતી. આ પ્રક્રિયા દ્વારા બાળકોને આરોગ્યની દ્રષ્ટિએ સુરક્ષિત રાખવામાં આવ્યા છે.

અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલ દ્વારા

# વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરાઈ

અમરેલી,તા.૮

સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧થી ૭ ઓગસ્ટ દરમ્યાન "વિશ્વ સ્તનપાન સપ્તાહ"ની ઉજવણી થાય છે. શિશુઓના આરોગ્યમાં સુધારા અને સ્તનપાનને પ્રોત્સાહિત કરવાના હેતુ સાથે આ સપ્તાહ ઉજવાય છે. માતાનું દૂધ એક સંપૂર્ણ આહાર છે, જેમાં બાળકની જરૂરિયાતના તમામ પોષક તત્વો યોગ્ય પ્રમાણમાં હોય છે જેને શિશુ સરળતાથી પચાવી શકે છે. માતાના દૂધથી બાળકના સ્નાયુ મજબૂત થાય, હાડકા મજબુત થાય, માનસિક શક્તિ વધે અને રોગોમાં નિયંત્રણ આવે છે આવા અનેક ગુણો અને પોષક તત્વો માતાના દૂધમાં હોય છે.

શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતે આ ઉજવણીમાં માતાઓ



મોટી સંખ્યામાં સહભાગી બની હતી અને સ્તનપાનનું મહત્વ, સ્તનપાનની યોગ્ય રીત, શિશુની જાળવણી અને સંભાળ વગેરે બાબતો પર તેમને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. નર્સિંગ વિદ્યાર્થીઓ અને નર્સિંગ સ્ટાફ દ્વારા અલગ–અલગ પોસ્ટરો બનાવી સહુને સરળ ભાષામાં સમજાય તેવી રીતે પ્રેક્ટિકલ માહિતી પણ આપેલ હતી. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સ્ત્રીરોગ નિષ્ણાત ડો. જલ્પા રાઠોડ તથા બાળરોગ નિષ્ણાત ડો. મિરલ સુદાણીએ માતાઓને માહિતી આપી હતી. ગજેરા ટ્રસ્ટ દ્વારા દાખલ માતાઓને સુખડીનું વિતરણ કરાયું હતું.

# વકફ બોર્ડના કાયદામાં સુધારા બિલને આવકારતા દિલીપભાઈ સંઘાણી

**કોંગ્રેસે જાતિ, ધર્મના નામે નિષ્ફળ પ્રયાસ કર્યો**

અમરેલી,તા.૮

'પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ, આજે લોકસભામાં લઘુમતી બાબતોના કેન્દ્રીય કેબિનેટ મંત્રી કિરેન રિજિજુ દ્વારા મોકલવામાં આવેલા વક્ફ બોર્ડ કાયદામાં સુધારા બિલને આવકારું છું.' કહી ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ સુધારા બિલને આવકાર્યું હતું. ગયા અઠવાડિયે મધ્યપ્રદેશ હાઈકોર્ટના ન્યાયાધીશે પણ જણાવ્યું હતું કે દેશના સામાન્ય નાગરિકોએ જાગવાની જરૂર છે. દિલીપભાઈ સંઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, 'કોંગ્રેસે જાતિ, ધર્મ અને ધર્મના નામે



દેશને વિભાજીત કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. પ્રધાનમંત્રીના નેતૃત્વમાં લોકસભામાં રજૂ કરાયેલ વકફ સંબોધન બિલ, વકફ બોર્ડના ગેરવહીવટ સામે ન્યાય આપવાનો પ્રયાસ છે. જ્યાં સુધી હું જાણું છું, વિશ્વના કોઈપણ મુસ્લિમ દેશમાં આવો કાયદો નથી. ભારતમાં સમાન કાયદો લાવી કોંગ્રેસે બિન-મુસ્લિમ નાગરિકો પર અત્યાચાર કર્યો છે, મારી માંગણી મુજબ આ કાયદો રદ થવો જોઈએ.' તેમ અંતમાં દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું.

# સાવરકુંડલામાં ટ્રકચાલકે ગાયને અડફેટે લેતા ઈજાગ્રસ્ત

**ગાયને સારવાર અર્થે ગૌશાળામાં ખસેડવામાં આવી**

સાવરકુંડલા,તા.૮

સાવરકુંડલામાં વ્યાયામ મંદિર વાળા પુલ પર અજાણ્યા ટ્રક ચાલક દ્વારા ગાયને અડફેટે લેતા ટ્રકનું પાછલું ટાયર ગાયના પગ ઉપર ફરી જતા ગાયના પગની ખરી અલગ થઈ જતા ગાય લોહીલુહાણ થઈ ગઈ હતી. આ ઘટનાની જાણ થતા જ ટ્રાફિકજામ થઈ ગયેલ હતો.



તસવીર : સૌરભ દોશી

ગૌ સેવકોએ તાત્કાલિક ગૌશાળાના નંબર ઉપર ફોન કરી ગૌશાળાના વેટરનરી ડો. શુભમભાઈ જોશી દ્વારા ગાયનું ડ્રેસિંગ કરી લોહી બંધ કરી પાટો બાંધવામાં આવેલ હતો અને ગાયને ગૌશાળાએ લઈ જવામાં આવી હતી. આ ઘટનાને કારણે ગૌપ્રેમીઓમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ · શ્રેષ્ઠ ગ્રાહક સેવા · ગુણવતાયુકત કામ · પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ



મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

### સ્વચ્છતા અભિયાન પાછળ લખલૂંટ ખર્ચ કરવામાં આવે છે પરંતુ સફાઈના નામે મીંડું હોવાથી લોકોમાં ભારે રોષ

# અમરેલી શહેરમાં ગંદકીના ગંજ, શહેરીજનો ત્રાહીમામ

**દુકાનો પાસે જ માથું ફાડી નાખે તેવી દુર્ગંધથી વેપારીઓ તોબા પોકારી ઉઠયા**

અમરેલી,તા.૮

એક બાજુ અમરેલી શહેરમાં રોગચાળો મોઢું ફાડીને ઉભો છે. મચ્છરજન્ય અને ઋતુજન્ય રોગ ચારેતરફ ફેલાઈ રહ્યો છે ત્યારે સ્વચ્છતાના નામે જાણે મીંડું હોય તેવા દશ્યો અમરેલી માર્કેટીંગ યાર્ડની સામે જોવા મળી રહ્યાં છે. અમરેલીમાં સફાઈ કામદારો હડતાલ પર ઉતર્યા છે ત્યારે ચારેબાજુ ગંદકીના ગંજ ખડકાયેલા હોવાથી શહેરીજનો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. છેલ્લા કેટલાક દિવસથી નગરપાલિકા દ્વારા સફાઈકામ કરવામાં આવતુ નથી. આ પહેલા પણ કચરા મુદ્દે રજૂઆત કરવામાં આવી હતી. શહેરમાં જયાં નજર કરો ત્યાં કચરાના ઢગલે-ઢગલા જોવા મળે છે. આમ અમરેલી નગરપાલિકા દ્વારા કાઈ કામગીરી થતી ના હોય તેવું લાગી રહ્યું છે. કચરાના લીધે રોગચાળો ફેલાવાની દહેશત વ્યાપી છે. લોકો દ્વારા વારંવાર



અરજી કરવામાં આવે છે પરંતુ નગરપાલિકાની ટીમ દ્વારા કોઈ કામગીરી થતી નથી. માર્કેટીંગ યાર્ડની સામે આવેલી દુકાનો પાસે ગંદકીના ગંજ ખડકાયેલા છે. રાહદારીઓને ત્યાંથી નીકળવુ મુશ્કેલ બન્યુ છે ત્યારે નજીકમાં દુકાનો ધરાવતા વેપારીઓ માટે આ ગંદકી આફત સમાન બની છે. શહેરમાં દિવસેને દિવસે રોગચાળામાં પણ વધારો થઈ રહ્યો છે અને ડેંગ્યુ અને મેલેરિયા જેવા કેસોમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. અતિશય દુર્ગંધ મારતા આ કચરાને કારણે આસપાસનાં વિસ્તારના લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. ગંદકી અને કચરાને કારણે રોગચાળો ફેલાય કે મચ્છરજન્ય રોગ થાય તેવી ભીતિ લત્તાવાસીઓમાં સેવાઈ રહી છે. અનેક વખત તંત્રને રજૂઆત કરવા છતાં હજુ સુધી તેનો કોઈ નિવેડો આવ્યો નથી. ગંદકી અને કચરાની વાત તો દુર રહી કચરાપેટી પણ જોવા મળતી નથી. લોકો દ્વારા નગરપાલિકાને અપીલ કરવામાં આવી રહી છે કે આ ગંદકીની સાફ સફાઈ કરવામાં આવે અને ગંદકી દૂર કરવામાં આવે. જોવાનું એ પણ રહેશે કે નગરપાલિકા સાફ-સફાઈ કરી ગંદકી દૂર કરવા માટે આળસ ખંખેરે છે કે નહી. હાલ તો શહેરમાં ભારે ગંદકીને કારણે શહેરીજનોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

# ધારાસભ્ય જનક તળાવીયાએ તિરંગા યાત્રાને લઈ બેઠક યોજી

**તિરંગા યાત્રાને સફળ બનાવવા ધારાસભ્યએ કર્યો અનુરોધ**

અમરેલી,તા.૮

લાઠી- બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ તિરંગા યાત્રાને લઈ આગેવાનો સાથે બેઠક યોજી હતી. તિરંગા યાત્રાને સફળ બનાવવા તેઓના લાઠી ખાતે આવેલ સમર્પણ કાર્યાલય



ખાતે જિલ્લા પંચાયતના સદસ્યો, જિલ્લા ભાજપ સંગઠનના હોદ્દેદારો, તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો, લાઠી, બાબરા, દામનગર શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો, યુવા ભાજપ સંગઠનના હોદ્દેદારો સાથે બેઠક યોજવામાં આવી હતી, આ બેઠકમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, દેશની આન-બાન અને શાન સમા ત્રિરંગાનું સ્થાન હંમેશા માટે સર્વોચ્ચ શિખર પર રહે તેના માટેનો આ કાર્યક્રમ છે જેથી પક્ષાપક્ષીથી દુર રહી દેશ હિત માટે સૌએ એક બની વહીવટી તંત્રના સંકલનમાં રહી તિરંગા યાત્રાનું આયોજન કરવા માટે આહ્‌વાન કર્યુ હતું.

# વડિયામાં ભેંસ ચોરીના તસ્કરો ઝડપાયા

**ભેંસોને ચોટીલા અને ખંભાતમાં વેચી દીધી હતી**

અમરેલી, તા.૮

અમરેલી જિલ્લાના વડિયા તાલુકાના બરવાળા બાવળ ગામમાંથી બે ભેંસોની ચોરી થવાના ગુનામાં વડિયા પોલીસે ત્રણ આરોપીઓને પકડ્યા છે. વિપુલભાઈ માલાણી દ્વારા વડિયા પોલીસમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર, બરવાળા



બાવળ ગામમાં આવેલી તેમની વાડીમાંથી કોઈ અજાણ્યા શખ્સોએ ભેંસો ચોરી કરી હતી. વડિયા પોલીસે આ કેસની તપાસ શરૂ કરી હતી અને ટેકનિકલ સોર્સના આધારે ત્રણ શંકાસ્પદ શખ્સોની પૂછપરછ કરી હતી. પરેશ વિઠ્ઠલભાઈ પાનસુરિયા, સાગર ચુનીલાલ ગોહેલ અને અરવિંદ દેવશીભાઈ મકવાણાએ આ ચોરીનો ગુનો કબૂલ્યો હતો. તપાસમાં એક ભેંસ ચોટીલા આસપાસના વિસ્તારમાં બીજી ભેંસ ખંભાત આસપાસના વિસ્તારમાં વેચાઈ હતી. વડિયા પોલીસ ચોટીલામાંથી ચોરાયેલી ભેંસને પાડી સાથે વડિયા પોલીસ સ્ટેશનમાં પરત લાવી હતી અને બીજી ભેંસને પણ ખંભાતથી પરત લાવવાની કાર્યવાહી કરી રહી છે. આ પ્રકારની કાર્યવાહીથી ખેડૂતોને મહેનતની કમાણી પરત મળતાં તેમને મોટી રાહત મળી છે.

## અવસાન નોંધ

**ડોળાસા**

મૂળ સોનપરા તા. ગીરગઢડા હાલ સુરત રતનઘાયરા રાજેશ કુમાર નટવરલાલ ઉ.વ.૪૭ તે રેખાબેનના પતિ તે ચિ. દુર્વાબેનના પિતા, તે સ્વ. નટવરલાલ રણછોડદાસ રતનઘાયરાના પુત્ર તેમજ મુકેશકુમાર નાનાલાલ ( ઉના )ના ભાઈ તેમજ કાળુભાઈ નાનાલાલ છેલાણી ( હરમડીયા )ના ભાણેજનું તા. ૭/૮/૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થની પ્રાર્થના સભા તારીખ ૧૦/૮/ શનિવારના રોજ શ્રી જલારામ વાડી વરસિંગપુર રોડ ઉના ખાતે સાંજ ના ૪ થી ૬ રાખેલ છે.

# લાઠીના કેરાળા ગામે પત્નીના મોતના વિરહમાં પતિએ ઝેરી દવા પીધી

લાઠી, તા.૮

લાઠીના કેરાળા ગામે ગોધરાનો એક પરિવાર મજૂરી અર્થે આવ્યો હતો. આ દરમિયાન યુવકની પત્નીને વીંછી કરડતાં મોત થયું હતું. જેને લઈ પત્નીની યાદ સતાવતી હતી. જેના કારણે તેણે ઝેરી દવા પી લીધી હતી. મૂળ ગોધરાના સોથા ગામના અને હાલ કેરાળા ગામે વાડીએ રહેતા પીન્ટુભાઈ અન્દારભાઈ નાયકને પત્ની મૃત્યુ પામતા તેના વગર એકલા રહેવું ગમતું નહોતું. પીન્ટુભાઈને તેની પત્નીની બહુ યાદ આવતી હોવાથી મનમાં લાગી આવતા ઝેરી દવા પી લેતાં સારવાર અર્થે ખસેડાયા હતા.

# સાવરકુંડલામાંથી દારૂની ૧૨ બોટલ સાથે યુવક ઝડપાયો

સાવરકુંડલા, તા.૮

સાવરકુંડલામાં હાથસણી ગામ તરફ જતા રસ્તે માનવ મંદિર પાસેથી એક યુવક પરપ્રાંતીય વિદેશી દારૂની ૧૨ બોટલ સાથે ઝડપાયો હતો. પોલીસે ૪૮૮૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ટીંબી ચેકપોસ્ટ પરથી મહુવામાં રહેતો યુવક દારૂની બે બોટલ સાથે પકડાયો હતો. સાવરકુંડલામાંથી એક મહિલા ૯૦ લીટર દેશી દારૂ સાથે રેઈડ દરમિયાન પકડાઈ હતી. ડેડાણ ગામેથી ૮ તથા કુતાણા ગામેથી ૪ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. બગસરામાંથી ચાર સહિત જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૩ શરાબીઓ ઝડપાયા હતા.

# બગસરા શહેરમાં તંત્રની ઘોર બેદરકારીથી રોગચાળો ફેલાયો

બગસરા, તા.૮

બગસરામાં વરસાદ પછી ઠેરઠેર પાણી ભરાવાના કારણે રોગચાળો ફેલાયો છે. પાણીજન્ય રોગ અને ગંદકીના કારણે મચ્છર જન્ય રોગોથી ઘરે ઘરે દર્દીઓના ખાટલા જોવા મળી રહ્યા છે. જરૂરી સફાઈ કરવામાં તંત્રની ઘોર બેદરકારી જોવા મળી છે. ઠેક ઠેકાણે મચ્છરોનો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. દવાના



તસવીર : હાર્દિક બામટા

છંટકાવના અભાવે રોગચાળો ફાટી નીકળ્યો હોય તેમ સરકારી હોસ્પિટલમાં દર્દીઓ મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. સિવિલ હોસ્પિટલમાં તાવ, શરદી, ઉધરસ, ઝાડા-ઉલટી, પેટમાં દુઃખાવો, કમળાની અસર વગેરેના વધુ દર્દીઓ જોવા મળે છે. રોજના આશરે ૧૭૦ થી ૧૮૦ જેટલા કેસોથી શહેરમાં રોગચાળાએ અજગર ભરડો લીધો છે. જ્યારે ગામડાઓમાં તથા પ્રાઈવેટ હોસ્પિટલો પણ દર્દીઓથી ઊભરાઈ જાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

# શ્રાવણના પ્રારંભે અમરેલીની પાંજરાપોળ ગૌશાળામાં સેવા કાર્યોનું આયોજન

અમરેલી, તા.૮

પવિત્ર શ્રાવણ માસના પ્રારંભે અમરેલીની પાંજરાપોળ ગૌશાળામાં દાતાઓ દ્વારા વિવિધ સેવા કાર્યો કરવામાં આવ્યા હતા. પાંજરાપોળમાં ગૌ વંશ સહિત અન્ય કુલ ૮૪૦થી વધુ પશુઓ માટે ૬૦૦ કિલો ઘઉંનો લોટ, ૬૦ કિલો તેલ, ૨૪૦ કિલો ગોળ, ૩૦૦ મણ લીલો ઘાસચારો, મુખ્ય દાતા શારદાબેન તરફથી રૂ. ૫૦ હજારનું અનુદાન મળેલ છે. આ પ્રસંગે સોનમબેન છગ દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું હતું. જયેશભાઈ મકવાણા પરિવાર અને સોનમબેને ગૌ માતાને લાપસી ખવડાવીને સંસ્થાની વ્યવસ્થાને બિરદાવી હતી. ટ્રસ્ટના મંત્રી મુકુન્દભાઈ ગઢીયાની વિશેષ ઉપસ્થિતિમાં સુરેશભાઈ સોનીએ સૌનું સ્વાગત કરેલ. સોનમબેને સંસ્થાને રૂ. ૩૦ હજારનું દાન આપ્યું હતું. સ્વ. નાગજીભાઈ હરભોલે તરફથી હસ્તે દીપકભાઈ દ્વારા રૂ. ૫૧૦૦ અને રમીલાબેન ડી. પટેલ - અમેરિકા તરફથી રૂ. ૫ હજારનું દાન મળ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ટ્રસ્ટી દિલીપભાઈ પરીખે કરીને દાતા પરિવાર અને મહેમાનો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી






સંકુલ ધો.-૧૧ આર્ટસ - કોમર્સ - સાયંસ પ્રવેશ
KG થી PG સુધીનું નિવાસી ગર્લ્સ કેમ્પસ - Since 1997
★ આર્ટસ મનોવિજ્ઞાન – રાજ્યશાસ્ત્ર – સમાજશાસ્ત્ર – અર્થશાસ્ત્ર – ઈતિહાસ ભૂગોળ
★ કોમર્સ & સાયંસ બન્ને મિડીયમ – GM A & B ગ્રુપ – EMB ગ્રુપ
★ ધો.–૧૦ ગુજરાતી મિડીયમ ને ધો.–૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ માં પ્રવેશ મળશે.
★ બહુજ વ્યાજબી ફીજ માં – વર્ષો થી સુવ્યવસ્થીત શિક્ષણ આપતી સંસ્થા
★ બોર્ડ માં A1 - A2 ગ્રેડમાં અગ્રેસર – યુનિવર્સિટી માં ટોપટેન માં અગ્રેસર
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ અમરેલી - Ad 062

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail: kanpariyavipul4025@gmail.com

એપોઈન્ટમેન્ટ માટે : Mo. 70169 65665
PROFESSIONAL spa
પ્રોફેશનલ ફેમિલી સ્પા
Since : 2018 (7 વર્ષ જુનું)
ભાઈઓ માટે Rs.1599/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
લેડીઝ માટે Rs.799/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

# અમરેલીમાં 'તિરંગા મેળા' અંતર્ગત દેશભક્તિ થીમની ફિલ્મનું નિદર્શન થશે




અમરેલી તા.૮

દેશના સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે સમગ્ર દેશ, રાજ્ય અને અમરેલી જિલ્લો દેશભક્તિના રંગે રંગાશે. સમગ્ર જિલ્લામાં 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત નાગરિકો ઘરે ઘરે તિરંગો લહેરાવે તે માટે આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત તા.૮ થી તા.૧૪ ઓગસ્ટ દરમિયાન ગ્રામ્ય, નગરપાલિકા અને તાલુકા કક્ષાએ અનેકવિધ કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમના સુચારુ આયોજન માટે જિલ્લા અને તાલુકાના અધિકારીઓને માર્ગદર્શન આપવાના હેતુથી અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રાંત અધિકારી અને તાલુકાના સર્વે અધિકારીઓને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન તિરંગા સેલ્ફી, તિરંગા યાત્રા, શાળાઓમાં વકતૃત્વ, ચિત્ર તેમજ રંગોળી સ્પર્ધાઓની તસવીરો 'હર ઘર તિરંગા' વેબસાઈટ પર અચૂક અપલોડ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા પણ જિલ્લા કલેક્ટરે સૂચના આપી હતી.

# અમરેલી જિલ્લાના ૩૨ હજાર ખેડૂતોએ અપનાવી પ્રાકૃતિક ખેતી: માર્કેટિંગથી મબલખ કમાણીની તક



અમરેલી, તા.૮

ગુજરાતમાં જગતના તાત એવાં ખેડૂતો હવે પરંપરાગત કૃષિથી પ્રાકૃતિક કૃષિ તરફ આગળ વધી રહ્યા છે. એક અંદાજ મુજબ અમરેલી જિલ્લાના ૩૧,૯૮૧ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવી ચૂક્યા છે અને ઘર બેઠાં જ પ્રાકૃતિક ઢબે ઉત્પાદિત પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ કરી રહ્યા છે. માન્યતા પ્રાપ્ત પ્રાકૃતિક કૃષિ પેદાશનું માર્કેટિંગ કરવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ દ્વારા પકવવામાં આવેલ ખેત પેદાશોની ગુણવત્તા સારી હોવાના કારણે બજારમાં તેમના સારા ભાવો મળે છે. પ્રાકૃતિક ખેત ઉત્પાદનના વેચાણ માટે વ્યક્તિગત માર્કેટિંગ, નવીન માર્કેટિંગ પ્લેટફોર્મ્સ, કેપ્ટિવ આઉટલેટ્સ, ઓનલાઈન માર્કેટિંગ (ઈ-કોમર્સ) અને ઓફલાઈન શોપ્સના માધ્યમથી માર્કેટિંગ સહ વેચાણ દ્વારા મબલખ કમાણી કરી શકાય છે. આ રીતોથી ગ્રાહકોને સીધા જ જોડી શકાય છે. માર્કેટિંગની આ રીતની મદદથી પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતો ઉત્પાદનની વિશિષ્ટતાને પ્રોત્સાહન આપી શકે છે.

# કાંચરડી ગામની યુવતીનું બોગસ ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી ફોટાનો દુરુપયોગ કર્યો

**અમરેલી સાયબર ક્રાઇમે તપાસ શરૂ કરી**

લાઠી, તા.૮

લાઠીના કાંચરડી ગામે રહેતી એક યુવતીના નામે અજાણ્યા ઈસમે ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવ્યું હતું. જે બાદ તેના ફોટાનો દુરુપયોગ કરી ફોટા પ્રોફાઈલમાં મૂકી સગા સંબંધીઓ તથા ગામના લોકોને ફોલો રિકવેસ્ટ મોકલી હતી. તેમજ અભદ્ર ભાષામાં વાતચીત કરી તેની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડીને સમાજમાં બદનામ કરવાના ઈરાદે ફોટાનો દુરુપયોગ કર્યો હતો. અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એમ.કાલોદરા વધુ તપાસ કરી રહ્યા છે.

# ગજેરા કેમ્પસના ખેલાડીઓ જિલ્લા કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં ઝળક્યા



અમરેલી, તા.૮

અમરેલીની શ્રીમતી એસ. એચ. ગજેરા કેમ્પસ ખાતે સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SGFI) દ્વારા જિલ્લા કક્ષાની ૬૮મી હેન્ડબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં જિલ્લાની વિવિધ શાળાઓના ભાઈઓ અને બહેનો માટે જુદી જુદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બહોળી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો અને તેમાં ગજેરા કેમ્પસના ખેલાડીઓ જિલ્લા કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં ઝળક્યા હતા. આ કાર્યક્રમમાં કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, જિલ્લા રમત વિકાસ અધિકારી પૂનમબેન કુમકિયા અને ગુજરાત વ્યાયામ મંડળના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પસમાં દરેક વિદ્યાર્થીને સ્પોર્ટ્સ માટે મહત્ત્વનું પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે છે. વિજેતા ખેલાડીઓને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી વગેરે અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

# સરકારી પીપળવા ગામે પતિ-પત્નીની બોલાચાલીમાં વચ્ચે ન આવવાનું કહેતા લાકડીના ઘા માર્યા

લાઠી, તા.૮

લાઠીના સરકારી પીપળવા ગામે પતિ-પત્નીની બોલાચાલીમાં વચ્ચે ન આવવાનું કહેતા બડીયાના ઘા મારવામાં આવ્યા હતા. બનાવ અંગે મનસુખભાઈ જીવરાજભાઈ રાઠોડ (ઉ.વ.૪૫)એ દેવશીભાઈ જીવરાજભાઈ રાઠોડ તથા રમેશભાઈ દેવશીભાઈ રાઠોડ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમના ઘરે પત્ની સાથે બોલાચાલી કરતા હતા તે દરમિયાન આરોપીએ બોલાચાલી ન કરવા કહેતા તેમણે પતિ-પત્નીની બોલાચાલીમાં વચ્ચે ન આવવાનું કહ્યું હતું. જેથી આરોપીને સારૂ નહી લાગતા દેવશીભાઈ રાઠોડે તેના હાથમાં રહેલા બડીયાના બે ઘા મારી, નીચે પછાડી મુંઢ ઈજાઓ કરી હતી. તેમજ તેના પત્નીને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.ડી.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગરમાં ગાળો આપવાની ના પાડતાં યુવકને કપાળમાં લોખંડનો ઘણ માર્યો

**બે વર્ષ પહેલા લીધેલા ગ્રીલ મશીન પરત કરવાના મનદુઃખમાં ઘટના બની**

દામનગર, તા.૮

દામનગરમાં રહેતા અને લુહારી કામ કરતાં ચંદ્રેશભાઈ અરવિંદભાઈ ચૌહાણ (ઉ.વ.૪૧)એ નિકુંજભાઈ મુકેશભાઈ ચૌહાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે આરોપીને બે વર્ષ પહેલા ગ્રીલ મશીન આપેલ હોય અને દસેક દિવસ વાપરીને આરોપીએ પરત આપી દીધું હતું. આ બાબતે તેમણે અન્ય કોઈ વ્યક્તિને આ બાબતે વાતચીત કરતા આરોપીને સારૂ નહોતું લાગ્યું અને તેની દુકાને બોલાવી બોલા-ચાલી કરી ખરાબ ગાળો આપવા લાગ્યો હતો.

જેથી તેમણે ગાળો આપવાની ના પાડતા આરોપીને સારું નહોતું લાગ્યું અને ઉશ્કેરાઈને પોતાની દુકાનમાં રહેલો લોખંડનો ઘણ લઈ માથામાં કપાળના ભાગે માર્યો હતો.

ઉપરાંત પાટુ મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર. ડી.સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં પ્રેમલગ્ન બાદ પરિણીતાને પતિએ કરિયાવર મુદ્દે મેણા માર્યા

**ગાળો બોલી માર પણ માર્યો**

સાવરકુંડલા, તા.૮

સાવરકુંડલામાં એક યુવતી પ્રેમલગ્ન બાદ સંયુક્ત કુટુંબમાં રહેતી હતી. લગ્નના થોડા મહિના પછી પતિ તથા સાસુએ કરિયાવર મુદ્દે મેણા માર્યા હતા. તેમજ ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે વિજયાનગરમાં રહેતા કુંદનબેન આંબલીયા (ઉ.વ.૨૩)એ પતિ વિમલ કાળુભાઈ આંબલીયા, સાસુ જ્યોતીબેન કાળુભાઈ આંબલીયા સામે ફરિયાદ નોંધાવી હતી.

જે મુજબ તેમણે તા.૨૪/૦૬/૨૩ ના રોજ આરોપી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. લગ્ન બાદ તે સંયુકત કુટુંબમાં સાવરકુંડલા મુકામે રહેતી હતી. થોડાક સમય બાદ પતિ તથા સાસુ કરિયાવર બાબતે તેમજ કામકાજ બાબતે શારીરિક તથા માનસિક ત્રાસ આપવાનું શરૂ કરી અવારનવાર મેણા ટોણા મારતા હતા. તેમજ પતિએ ગાળો આપી માર માર્યો હતો.

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ વાય. એસ. વનરા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખુલ્લો કૂવો અંધારામાં નહી દેખાતા પડી જવાથી યુવકનું મોત

રાજુલા, તા.૮

મધ્યપ્રદેશના ધાર જિલ્લાના કુકુસી તાલુકાના નૈનગામના રહેવાસી દિતુસિંગ માલસિંગ ગેહલોત (ઉ.વ.૩૩)એ જાહેર કર્યા મુજબ, હાલ નાની ખેરાળી (ગોવિંદડી), વણોટ જવાના કાચા રસ્તે આવેલી વાડીએ રહેતા વિક્રમસિંગ માનસિંગ ગેહલોત (ઉ.વ.૩૫) નાની ખેરાળી ગામે ભાગથી વાવવા રાખેલી મંગળભાઈની વાડીએ આવેલ મકાને ચાલીને જમવા જતા હતા તે વખતે વાડીમાં આવેલ ખુલ્લો કૂવો અંધારામાં નહી દેખાતા અકસ્માતે પડી જતાં કૂવામાં રહેલા પાણીમાં ડૂબી જવાથી મરણ પામ્યા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી.સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: પાંચમ
તા. ૦૯-૦૮-૨૦૨૪, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૪૭,
સૂર્યાસ્ત-૦૭:૦૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: હસ્ત

## દૈનિક રાશિફળ

તા.૦૯-૦૮-૨૦૨૪ શુક્રવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સારા પરિણામનો છે. તમે પૈસા કમાવવાની ઘણી રીતો જોશો. કોઈપણ સ્પર્ધામાં વિજય મળશે.

વૃષભ: આજનો દિવસ તમને ઉર્જા આપશે અને તમારામાં ઘણી શક્તિ અને ઉત્સાહ રહેશે. પરંતુ તમારા ક્ષેત્રમાં કામ તે ગતિએ ચાલશે નહીં.

મિથુન: આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે. આ સમયે તમારા વ્યવસાયમાં ઉતાર-ચઢાવને સંભાળવાની જરૂર છે.

કર્ક: આજનો દિવસ તમારા માટે થોડો નિરાશાજનક બની શકે છે. તમે ઇચ્છતા ના હોવ ત્યારે પણ ઘણી વાર તમે તે તબક્કામાં ફસાઈ જાવ છો જ્યાં ખૂબ લડવું પડે છે.

સિંહ: અચાનક કેટલાંક જટિલ કાર્ય પૂરા થશે. જો તમે જીવન યોગ્ય રીતે જીવવા માગો તો તમારા જીવનસાથી સાથે પ્રમાણિક રહેવું જોઈએ.

કન્યા: આજનો દિવસ અન્ય દિવસો કરતા થોડો સખત રહેશે અને આજે સવારથી જ કંઇક વિચિત્ર વાતાવરણ તમારી આસપાસ રહેશે.

તુલા: આજનો દિવસ તમારા ધંધા માટે હળવાશનો રહેશે. આજે શેરબજાર અથવા સટ્ટામાં રોકાણ કરશો નહીં. તમને ભારે નુકસાન થઈ શકે છે.

વૃશ્ચિક: તમારા માટે આજનો દિવસ ખાસ છે. તમારી કાર્ય કરવાની રીત કંઈક નવી છે અને તમને આ રીતે લાભ મળી શકે છે.

ધન: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત રહેશે. તમારે કોઈ શંકા અને વિચારણા કર્યા વિના તમારી ફરજમાં રોકાયેલા રહેવું જોઈએ.

મકર: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે અને કોઈ ભારે કામ સંબંધિત પોતાના કામમાંથી વિરામ લેવો પડી શકે છે.

કુંભ: આ દિવસે તમે ખૂબ કંટાળો અનુભવશો અને લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા બાદ હવે તમને લાગશે કે તમારે ક્યાંક બેસીને એકાંતમાં થોડો સમય પસાર કરવો જોઈએ.

મીન: આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે દરેક ક્ષેત્રમાં પ્રભુત્વ મેળવશો અને લોકો તમારી પ્રશંસા કરશે.

# 'તું મંડળીના ઉચાપત કેસમાંથી હટી જા' કહી વકીલ પર હુમલો કર્યો

**બગસરા બાયપાસ જેતપુર રોડ મામાદેવના મંદિર પાસે ઘટના બની**

બગસરા, તા.૮

બગસરાના માણેકવાડામાં રહેતા અને વકીલાતનો વ્યવસાય કરતાં યુવક પર 'તું મંડળીના ઉચાપત કેસમાંથી હટી જા' કહીને બે અજાણ્યા શખ્સોએ હુમલો કર્યો હતો. બનાવ અંગે અજયભાઈ જેન્તીભાઈ પટોળીયા (ઉ.વ.૨૭)એ બે અજાણ્યા પુરુષો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી બનાવની વિગત પ્રમાણે, બગસરા કોર્ટમાં મુદત પૂર્ણ કરી પોતાના ગામ માણેકવાડા જતા હતા તે દરમિયાન બગસરા બાયપાસ જેતપુર રોડ મામાદેવના મંદિર પાસે બે અજાણ્યા પુરૂષો મોટર સાયકલ લઈને આવ્યા હતા. જેના મોઢા ઉપર રૂમાલ બાંધ્યા હતા અને મોટર સાયરલ પાછળ સૂર્યનું સ્ટીકર માર્યુ હતું. તેમને ઉભા રાખી પાછળ બેઠેલ અજાણ્યા માણસે હાથમાં લાકડાના ધોકા વડે ઘા મારતા પડી ગયા હતા. બંને અજાણ્યા માણસોએ જેમફાવે તેમ ગાળો આપી તું સારંગભાઈની મંડળીના ઉચાપત કેસમાંથી હટી જા તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.ડી.ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના દરેડ ગામે સસરાએ જમાઈ સામે ફરિયાદ નોંધાવી

બાબરા, તા.૮

બાબરાના દરેડ ગામે સસરાએ જમાઈ સામે ફરિયાદ નોધાવી હતી. ગુલાબભાઈ નનુભાઈ કુરેશી (ઉ.વ.૪૬) એ ગઢડામાં રહેતા જમાઈ અબ્બાસભાઈ ભીખુભાઈ કુરેશી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની દીકરી નિખતના લગ્ન આરોપી સાથે થયા હતા. તેમની દીકરી દોઢેક વર્ષથી પોતાના પિયરમાં દરેડ ગામે રિસામણે હતી. જેથી આ વાતનું મનદુઃખ રાખી તેમને તથા તેની દીકરીને અવાર-નવાર ફોન કરી બીભત્સ ગાળો આપી હેરાન કરી મારી નાખવાની ધમકી આપતો હતો. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વાય. એચ.પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# વડલી ગામે યુવકે ધક્કો નહી મારવાનું કહેતા છરી મારી ઉઝરડો કર્યો

રાજુલા, તા.૮

રાજુલાના વડલી ગામે રહેતા ભરતભાઈ ગામાભાઈ હડીયા (ઉવ.૩૦)એ હિતેષભાઈ લાખાભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા સાહેદ ગુણાભાઈ વડલી ગામે મેઈન બજારમાં આવેલ બીજલભાઈ હડીયાની દુકાને માવો ખાવા ઉભા હતા તે વખતે તેમની પાસે આવી ધકકો મારી એકબાજુ જવાનું કહેતા તેમણે ધકકો નહી મારવાનું કહેતાં સારૂ નહોતું લાગ્યું.

ઉશ્કેરાઈને જેમફાવે તેમ ગાળો આપી, જડબું પકડી ગાલ ઉપર એક જાપટ મારી પેન્ટના નેફામાંથી છરી કાઢી વાંસાના ભાગે ઉઝરડો કર્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# બાઢડામાં શાળાકીય રમતોત્સવ: સ્થાનિક શાળાના ખેલાડીઓએ મેળવી નોંધપાત્ર સફળતા



બાઢડા, તા.૮

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત ૬૮મી અખિલ ભારતીય શાળાકીય રમતોની જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ શ્રી એચ.એન. વિરાણી હાઈસ્કૂલ, બાઢડા ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધાઓમાં U-૧૪, U-૧૭ અને U-૧૯ વયજૂથના ભાઈઓ અને બહેનો માટે બાસ્કેટબોલનો સમાવેશ થયો હતો. સ્પર્ધામાં શ્રી એચ. એન. વિરાણી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. U-૧૯ ભાઈઓ અને બહેનો, U-૧૭ બહેનો અને U-૧૪ બહેનોની ટીમોએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જ્યારે U-૧૭ ભાઈઓની ટીમે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સફળતાને પગલે, શાળાના લગભગ ૪૦ ખેલાડીઓ હવે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. ઉપરાંત, તાલુકા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં પણ શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. U-૧૯ અને U-૧૭ વયજૂથમાં લાંબી કૂદ અને ઊંચી કૂદમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. વધુમાં, U-૧૭ વયજૂથમાં ૧૫૦૦ મીટર દોડ, ૮૦૦ મીટર દોડ અને ૫૦૦૦ મીટર જલદ ચાલમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ વિજેતા ખેલાડીઓ હવે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

તંત્રી લેખ

# ભારતના ટેલિસ્કોપની વિશ્વમાં બોલબાલા

હિમાલયના લદાખ ખાતે સરસ્વતી નામના હિમગીરી શિખર પર ગોઠવાયેલા ભારતના ટેલિસ્કોપે પૃથ્વીની નજીકથી પસાર થયેલા એક લઘુગ્રહની તસ્વીરો ઝડપી છે. અનંત અવકાશમાંથી કલાકે ૨૮,૯૪૬ કિલોમીટરની ભયાનક સ્પીડથી પસાર થઈ રહેલા લઘુગ્રહની એક કરતાં વધુ ઈમેજો ઝડપી છે. આ ગ્રહ પૃથ્વીથી ૪૦ લાખ કિલોમીટરના અંતરેથી પસાર થઈ ગયો હતો. આવા લઘુગ્રહને એસ્ટરોઈડ કહેવામાં આવે છે. આવો લઘુગ્રહ જો પૃથ્વી સાથે ટકરાઈ જાય તો ભયાનક રીતે પૃથ્વીનો અંત આવી જાય અને એ પણ ક્ષણ વારમાં. પૃથ્વી અગનગોળો બની જાય અને સમગ્ર સૃષ્ટિનો નાશ થઈ જાય. જો કે,આ લઘુગ્રહ ૪૦ લાખ કિલોમીટર દૂરથી પસાર થઈ ગયો હોવાથી પૃથ્વી ઉપર કોઈપણ જાતનું જોખમ ન હતું જો કે આ લઘુગ્રહ ધસમસતો પૃથ્વી તરફ આવી રહ્યો છે તે જાણવાથી નાસાથી માંડીને ચાઈના અને ચાઈનાથી માંડી જાપાન સહિત દેશોના અવકાશ વિજ્ઞાનીઓનો શ્વાસ અધ્ધર ચડી ગયો હતો. જોકે આ ઉપગ્રહ પૃથ્વીથી ૪૦ લાખ કિલોમીટર દૂરથી પસાર થવાનો હોવા છતાં પણ એક પ્રકારનું જોખમ પૃથ્વી પર હતું એ પણ એક હકીકત છે. પૃથ્વીના ગુરુત્વાકર્ષણથી માત્ર દોઢથી બે ડિગ્રીનો ફેર પડે તો પણ ભયાનક તબાહી સર્જાઈ જાય તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી હતી પરંતુ આ વસ્તુ એક કલ્પના હતી, કારણ કે ૪૦ લાખ કિલોમીટર દૂરથી પસાર થયેલા લઘુગ્રહ પર પૃથ્વીના ગુરુત્વાકર્ષણની કેટલી અસર થઈ શકે તેની પણ ગણતરી અવકાશ વિજ્ઞાનીઓએ કરી હતી. આમાં સૌથી મહત્વનો ફાળો ભારતે લદાખના હિમગીરી શિખર પર સ્થાપિત કરેલા ગ્રોથ ઈન્ડિયા ટેલિસ્કોપે આપ્યો હતો. આ રિસર્ચ ટેલિસ્કોપ છે જે ૦.૭ મીટરનો વ્યાસ ધરાવતું ટેલિસ્કોપ છે. જેને લદાખના હેન્લે ગામના સરસ્વતી પહાડ પર સ્થાપિત કરવામાં આવ્યું છે. ગ્રોથ -ઈન્ડિયા ટેલિસ્કોપ સાથે સંકળાયેલા અને આઈ.આઈ.ટી. (બી)ની સ્પેસ ટેકનોલોજી એન્ડ એસ્ટ્રોફિઝિક્સ રિસર્ચ (એસ.ટી.એ.આર.) લેબોરેટરીના ખગોળ-ભૌતિકશાસ્ત્રી વરૂણ ભાલેરાવે માહિતી આપતાં કહ્યું હતું કે ૨૦૨૪ની ૨૫, જુલાઈની રાતે અમારા ગ્રોથ-ઈન્ડિયા ટેલિસ્કોપ(હેન્લે -લદાખ)ની ગરૂડ નજર અફાટ અને અનંત બ્રહ્માંડમાં દૂર દર સુધી જતી હતી. અચાનક જ ટેલિસ્કોપની નજર પૃથ્વીથી દૂર દૂરના અંતરે એક અજાણ્યા આકાશીપીંડ પર પડી.

ગ્રોથ-ઈન્ડિયા ટેલિસ્કોપ ફૂલ્લી રોબોટિક અને અત્યાધુનિક ટેકનોલોજીવાળું હોવાથી તેણે પેલા અજાણ્યા આકાશપીંડની ઈમેજ ઝડપી હતી.

સાથોસાથ, પૃથ્વી નજીક આવી રહેલા તે ગગન પ્રવાસીની ગતિ અને કદ સહિત અન્ય પાસાંની વિગતો પણ બહુ ઝડપથી મેળવી લીધી. ઉપરાંત આ લઘુગ્રહની સમગ્ર ગતિવિધિની બધી વિગતો પણ તૈયાર કરી દીધી. આ ટેલિસ્કોપના સ્થળે એક પણ વિજ્ઞાની કે એન્જિનિયર હાજર ન હોય તો પણ તે સમગ્ર ટેકનિકલ કામગીરી આપમેળે કરી શકે છે.

# આંતરરાષ્ટ્રીય ખેલ જગતમાં જ ખેલદિલીનો જ અભાવ

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

વિશ્વમાં સૌથી વધુ પ્રતિષ્ઠિત રમત-ગમતના મહાઉત્સવ ઓલિમ્પિક્સમાં હવે ખેલદિલી જેવું કંઈ રહ્યું નથી. આંતરરાષ્ટ્રીય ખેલ જગતમાં પણ હવે ડર્ટી પોલિટિક્સ આવી ચૂક્યું છે અને આને કારણે જ વિનેશનો ગોલ્ડ મેડલ છીનવી લેવાયો. !! વિનેશ ફોગાટને નાટકીય રીતે ડિસક્વોલિફાય કરાયા બાદ સહાનુભૂતિ વ્યક્ત કરીને નરેન્દ્ર મોદીએ તેને સ્પેશિયલ મેસેજ મોકલ્યો છે કે વિનેશ, તમે ચેમ્પિયન્સમાં પણ ચેમ્પિયન છો. તમે ભારતનું ગૌરવ છો અને પ્રત્યેક ભારતીય માટે પ્રેરણા છો. આજનો બનાવ નિરાશાજનક છે. કદાચ શબ્દોમાં હું તે નિરાશાને વ્યક્ત કરી શક્યો હોત, પડકારનો સામનો કરવો તે હંમેશાં તમારો સ્વભાવ રહ્યો છે, મજબૂત થઈને પરત ફરો.

ઓલિમ્પિક્સ સંચાલક ખુદ ખેલદિલી નેવે મૂકીને પોતાનો લૂલો બચાવ કરતા કહે છે કે “જે કંઈ થયું છે તે નિયમ મુજબ થયું છે. આમાં હવે બીજું કંઈ થઈ શકે નહીં. ડિસ્કવોલિફાઈડ વ્યક્તિ હવે ક્વોલિફાઈડ જાહેર કરી શકાય નહિ. આ શક્ય જ નથી.! વિનેશનો અત્યાર સુધીનો દેખાવ ઉત્કૃષ્ટ હતો. સ્વાભાવિક છે કે આવી ઘટના થાય તો હતાશા આવે. પરંતુ આપણે નિયમોનો ભંગ કરી શકીએ નહીં. વિનેશ સાથે જે થયું તે ખોટું છે. અમારી પણ સહાનુભૂતિ છે. પરંતુ તેનાથી વિશેષ અમે કંઈ કરી શકીએ તેમ નથી. પેરિસ ઓલિમ્પિકમાં ભારત અને મહિલા રેસલર વિનેશ ફોગાટનું હાર્ટબેક થયું છે. વિનેશ ફોગાટને બુધવારે તેની ફાઈનલના બાઉટના કેટલાક કલાકો પહેલાં ડિસ્કવોલિફાઈ કરી દેવામાં આવી હતી. ગેમ્સના નિયમો મુજબ વિનેશનું નિશ્ચિત ૫૦ કિલોગ્રામ વેઈટની કેટેગરી કરતાં ૧૦૦ ગ્રામ વજન વધારે હતું જેના કારણે તેને ડિસક્વોલિફાય કરી દેવામાં આવી અને તે હવે સિલ્વર મેડલથી વંચિત રહી. મંગળવારે વિનેશ ફોગાટે એક જ દિવસમાં ત્રણ બાઉટમાં ત્રણ હરીફને પરાસ્ત કરીને ઓલિમ્પિક ઈતિહાસની વિમેન્સ રેસલિંગની ફાઈનલમાં પહોંચનાર પ્રથમ ભારતીય બનવાની સિદ્ધિ મેળવી હતી પરંતુ ગણતરીના કલાકોમાં પરિસ્થિતિ બદલાઈ ગઈ હતી. તમામ અંતરાયને પાર કરીને ફાઈનલ સુધી પહોંચેલી વિનેશનું વજન મંગળવારે રાત્રે લગભગ બે કિલોગ્રામ જેટલું વધારે હતું. ૫૦ કિલોગ્રામ કેટેગરીની અંદર વજનને લાવવા માટે વિનેશે પૂરી રાત જોગિંગથી લઈને સ્કીપિંગ તથા સાઈક્લિંગ કરી હતી. ભારતીય મેનેજમેન્ટ ટીમે આયોજકો પાસે થોડાક સમયની માગણી કરી હતી પરંતુ કોઈ ફાયદો થયો નહોતો. ઓલિમ્પિક ક્વોલિફાયર દરમિયાન પણ વિનેશને આ પરેશાનીનો સામનો કરવો પડયો હતો પરંતુ તે મહામુશ્કેલીથી ક્વોટા હાંસલ કરી શકી હતી. ફાઈનલમાં વિનેશનો મુકાબલો બ્રિટનની સારા હિલ્ડેબ્રાન્ડ સામે થવાનો હતો જેની સામે ભારતીય રેસલરનો રેકોર્ડ ઘણો સારો છે. આ સામે કરાયેલી અપીલને યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ એસોસિયેશને ફગાવી દીધી હતી. ભારતીય રેસલર વિનેશ ફોગાટને ૧૦૦ ગ્રામ વજન વધવાને કારણે પેરિસ ઓલિમ્પિકમાંથી ડિસ્કવોલિફાઈ કરાયા બાદ હવે આંતરરાષ્ટ્રીય કુશ્તી મહાસંઘ (UWW)ના નિયમોમાં પરિવર્તનની માગ ઊઠી છે. વિનેશ ફોગાટ અનઅપેક્ષિત રીતે સ્પર્ધા બહાર નીકળી જતા ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ અને છ વાર રેસલિંગ વર્લ્ડ ચેમ્પિયન અમેરિકન રેસલર જોર્ડન બરોજે UWW ને નિયમોમાં તાત્કાલિક ફેરફાર કરવાનો અને વિનેશને સિલ્વર મેડલ આપવાની માગ કરી છે. તેણે એક્સ પર બે અલગ-અલગ પોસ્ટ કરીને વિનેશને પોતાનો ટેકો આપ્યો હતો. જોર્ડન અમેરિકાના ફ્રી સ્ટાઈલ પહેલવાન છે. તે હાલ ૭૪ કિલોગ્રામ કેટેગરીમાં રમે છે. જો કે આ અંગે નિર્ણય લેવાય તેવી શક્યતા નથી. યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગના પ્રમુખ નેનાદ લાલો વીકે કહ્યું કે તેમણે પણ વિનેશ ફોગાટની ઘટનાથી ઘણી નિરાશા થઈ છે. પરંતુ આપણે નિયમોનું સન્માન કરવું જોઈએ. નિયમ તો નિયમ હોય છે. દરેક એથ્લિટે આ અંગે ધ્યાન રાખવાનું હોય છે. કોઈપણ પ્રતિસ્પર્ધીને વજનના હિસાબે યોગ્ય ન જણાય તો સામેલ કરવાનું શક્ય હોતું નથી. વિનેશનો અત્યાર સુધીનો દેખાવ સર્વોત્તમ હતો સ્વાભાવિક છે કે આવી ઘટના થાય તો હતાશા આવે પરંતુ આપણે નિયમોને અવગણી શકીએ નહીં એની સાથે જે કંઈ થયું છે તે ખોટું છે અમારી પણ સહાનુભૂતિ છે પરંતુ તેનાથી વિશેષ અમે કંઈ કરી શકીએ તેમ નથી. ઓલિમ્પિક્સના સર્વેસર્વા ગણાતી વ્યક્તિના આ શબ્દોમાં ખેલદિલીનો સદંતર અભાવ વર્તાય છે. આંતરરાષ્ટ્રીય સ્તરે આ નિર્ણય અત્યંત ટીકા પાત્ર અને વિવાદ વકરાવનારો બની ચૂક્યો છે. સોશિયલ મીડિયા પર સખત ટીકા થઈ રહી છે કે હવે આંતરરાષ્ટ્રીય લેવલની ઓલમ્પિકની ક્રેડિટ પણ સદંતર ડાઉન થઈ રહી છે. અમેરિકાના રેસલર જોર્ડન બરોજે પણ આની આકરી ટીકા કરી છે. ભારતના રમત પ્રેમીઓ એવું વિચારે છે કે હવે વિનેશે સ્વદેશ પાછા ફરી જવું જોઈએ.

યુદ્ધના મેદાનમાં દુશ્મન સામે દગા ફટકા થાય તે સ્વાભાવિક છે પરંતુ રમતના મેદાનમાં તો ખેલદિલીની ભાવના જ હોવી જોઈએ. આંતરરાષ્ટ્રીય સ્તરે ઓલમ્પિક જેવી રમતની અંદર જો આ રીતે નીતિ નિયમોને નેવે મૂકીને નિર્ણયો લેવાતા હોય તો તેને ખેલદિલી કેવી રીતે કહી શકાય? સંસદમાં વિરોધ પક્ષોએ વિનેશ બાબતમાં પણ ભારે હોબાળો કર્યો હતો અને આક્ષેપ કર્યો હતો કે વડાપ્રધાન આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જબરજસ્ત પ્રભાવ ધરાવે છે તો આ બાબતમાં શા માટે કંઈ કરતા નથી?

ભારતે પોતાના રાષ્ટ્રના ગૌરવ ખાતર પોતાના તમામ ખેલાડીઓને પરત બોલાવીને ઓલિમ્પિક્સનો કાયમ માટે બહિષ્કાર કરવો જોઈએ.



**ભારતીય સ્ટાર ખેલાડી વિનેશ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરવાની હતી તેના થોડા કલાક અગાઉ જ તેને અમાન્ય જાહેર કરી દીધી અને દેશના કરોડો રમતગમત પ્રેમીઓમાં નિરાશા છવાઈ ગઈ. ખેલ જગતના પોલિટિક્સમાં એવી કઈ રમત રમાઈ ગઈ કે જેને કારણે ભારતની સુવર્ણચંદ્રક મેળવવાની આશા પર પાણી ફરી વળ્યું**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૦૦ | ૧૫૭૮ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૭૫ |
| જુવાર સફેદ | ૬૦૫ | ૭૩૧ |
| જુવાર લાલ | ૮૩૦ | ૯૦૨ |
| જુવાર પીળી | ૪૪૦ | ૪૮૦ |
| બાજરી | ૪૦૦ | ૪૭૦ |
| તુવેર | ૧૬૭૦ | ૨૨૦૦ |
| ચણા પીળા | ૧૩૦૦ | ૧૪૧૦ |
| ચણા સફેદ | ૧૮૦૦ | ૨૭૨૦ |
| અડદ | ૧૭૦૧ | ૧૯૦૪ |
| મગ | ૧૫૫૫ | ૧૭૪૪ |
| ચોળી | ૧૮૦૦ | ૨૫૯૨ |
| વટાણા | ૮૫૦ | ૨૧૫૦ |
| સીંગદાણા | ૧૫૦૦ | ૧૬૫૦ |
| મગફળી જાડી | ૧૦૪૦ | ૧૨૨૫ |
| મગફળી જીણી | ૯૮૦ | ૧૧૧૦ |
| અળશી | ૧૧૦૮ | ૧૧૦૮ |
| તલી | ૨૧૦૦ | ૨૪૦૦ |
| સુરજમુખી | ૮૭૫ | ૮૭૫ |
| એરંડા | ૧૦૮૧ | ૧૧૮૬ |
| સોયાબીન | ૮૧૫ | ૮૪૨ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૩૪૦ |
| કાળા તલ | ૨૯૦૦ | ૩૫૧૬ |
| લસણ | ૨૪૫૦ | ૩૪૦૦ |
| ધાણા | ૧૧૧૨ | ૧૩૮૧ |
| વરીયાળી | ૯૦૦ | ૧૨૯૦ |
| જીરૂ | ૪૨૩૦ | ૪૯૬૦ |
| રાય | ૧૦૩૦ | ૧૩૦૦ |
| મેથી | ૯૩૦ | ૧૩૫૦ |
| ઇસબગુલ | ૧૪૦૦ | ૨૧૭૦ |
| કલોંજી | ૨૯૧૧ | ૩૭૪૯ |
| રાયડો | ૯૩૦ | ૧૦૪૦ |
| રજકાનું બી | ૪૪૬૧ | ૫૧૫૦ |
| ગુવારનું બી | ૯૯૧ | ૧૦૦૮ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૬૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૨૬૦ | ૬૧૦ |
| ડુંગળી સુકી | ૨૧૦ | ૬૦૫ |
| ટમેટા | ૫૯૦ | ૭૯૦ |
| સુરણ | ૮૨૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૬૦૦ | ૮૦૦ |
| મૂળા | ૬૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૫૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૫૫૦ | ૮૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| સરગવો | ૮૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| પરવર | ૮૦૦ | ૯૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગાજર | ૩૬૦ | ૪૫૦ |
| કંટોલા | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ગલકા | ૨૩૦ | ૩૫૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૬૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૯૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૩૦૦ | ૪૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૧૧૦ | ૧૧૭૫ |
| શિંગ મોટી | ૧૦૨૦ | ૧૧૮૫ |
| શિંગદાણા | ૧૨૦૦ | ૧૪૯૮ |
| શિંગદાણા ફાડા | ૧૦૫૦ | ૧૩૦૧ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૫૨૨ |
| તલ કાળા | ૨૮૫૫ | ૩૫૨૪ |
| બાજરો | ૩૦૦ | ૪૮૮ |
| જુવાર | ૪૫૦ | ૮૬૮ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૯૩ |
| ઘઉં લોકવન | ૫૧૧ | ૫૭૦ |
| મગ | ૧૫૨૫ | ૧૫૮૮ |
| ચણા | ૧૨૨૫ | ૧૪૦૨ |
| ચણા દેશી | ૧૩૩૫ | ૧૩૩૫ |
| ચોળી | ૨૦૨૫ | ૨૦૨૫ |
| તુવેર | ૧૫૦૦ | ૨૧૧૦ |
| વાલ | ૧૬૩૦ | ૧૬૩૦ |
| કપાસ | ૮૬૦ | ૧૫૫૬ |
| એરંડા | ૧૧૪૦ | ૧૧૬૫ |
| જીરું | ૩૯૦૦ | ૪૫૫૦ |
| ધાણા | ૧૦૭૦ | ૧૨૮૦ |
| અજમા | ૧૩૯૦ | ૨૭૦૦ |
| સોયાબીન | ૮૧૮ | ૮૨૪ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૩૦ | ૫૩૦ |
| રીંગણાં | ૯૫૦ | ૧૧૦૦ |
| ફુલાવર | ૭૫૦ | ૯૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૫૦ |
| ટામેટા | ૭૦૦ | ૯૦૦ |
| સુરણ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ગાજર | ૫૫૦ | ૬૨૦ |
| દૂધી | ૨૫૦ | ૩૦૦ |
| કરેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૫૦ | ૫૫૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૧૮૫૦ | ૨૦૫૦ |
| ચોળાશીંગ | ૬૫૦ | ૮૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૯૦૦ |
| આદુ | ૧૨૫૦ | ૧૩૫૦ |
| કોથમીર | ૬૫૦ | ૮૫૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફુદીનો | ૯૦૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| શીંગ ઓળા | ૮૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૮૫૦ | ૧૦૫૦ |
| ડુંગળી લીલી | ૫૦૦ | ૬૦૦ |
| ડુંગળી સૂકી | ૩૬૦ | ૬૦૦ |
| લસણ સૂકું | ૨૦૦૦ | ૪૦૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૭૫૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૫૨૧ |
| ઘઉં લોકવન | ૫૩૬ | ૫૮૪ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૭૨ |
| મગફળી જીણી | ૮૦૧ | ૧૧૨૬ |
| સિંગદાણા જાડા | ૧૧૦૦ | ૧૬૦૧ |
| સિંગ ફાડીયા | ૯૦૧ | ૧૨૫૧ |
| એરંડા / એરંડી | ૯૯૧ | ૧૧૯૬ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૮૯૧ |
| વરીયાળી | ૧૦૨૬ | ૧૦૨૬ |
| ધાણા | ૮૫૧ | ૧૬૦૧ |
| લસણ સુકું | ૧૨૪૧ | ૩૫૭૧ |
| ડુંગળી લાલ | ૧૯૧ | ૫૮૧ |
| અડદ | ૧૬૦૧ | ૧૮૧૧ |
| તુવેર | ૧૮૭૬ | ૨૧૭૧ |
| રાયડો | ૯૪૧ | ૯૫૧ |
| રાય | ૧૦૮૧ | ૧૧૦૧ |
| મેથી | ૧૦૪૧ | ૧૧૨૧ |
| સુવાદાણા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| મગફળી જાડી | ૭૦૦ | ૧૨૩૧ |
| સફેદ ચણા | ૧૩૫૧ | ૨૭૦૧ |
| મગફળી નવી | ૯૦૦ | ૧૨૭૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૫૧૧ |
| ઇસબગુલ | ૧૪૭૧ | ૧૪૭૧ |
| ધાણી | ૯૫૧ | ૧૫૬૧ |
| બાજરો | ૩૪૧ | ૪૪૧ |
| જુવાર | ૪૮૧ | ૮૦૧ |
| મગ | ૧૪૫૧ | ૧૬૦૧ |
| ચણા | ૧૨૫૧ | ૧૩૯૧ |
| વાલ | ૫૨૧ | ૧૭૨૬ |
| ચોળા / ચોળી | ૮૦૧ | ૧૩૫૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૩૧ |
| ગોગળી | ૭૫૦ | ૯૫૧ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૧ |
| ઘઉં | ૪૫૦ | ૫૬૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૫૧ |
| મગફળી | ૬૦૦ | ૯૯૦ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૪૮ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૨૭ |
| ધાણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૩૬૪ | ૧૫૨૬ |
| જીરૂ | ૪૪૧૫ | ૪૫૨૫ |
| ઘઉં | ૪૬૧ | ૫૯ |
| તલ સફેદ | ૨૨૯૦ | ૨૩૭૦ |
| **સાવરકુંડલા** | | |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૪૯૫ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૬૬૦ |
| કપાસ | ૧૨૮૦ | ૧૫૩૨ |
| ઘઉં લોકવન | ૪૮૪ | ૫૬૨ |
| ઘઉં ટુકડા | ૫૦૭ | ૬૦૦ |
| બાજરો | ૪૨૨ | ૫૬૫ |
| મગ | ૧૫૨૧ | ૧૫૫૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| તુવેર | ૧૫૦૦ | ૧૬૯૭ |
| સોયાબીન | ૭૯૫ | --- |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૩૩૦ | ૨૩૮૦ |
| કપાસ | ૧૨૮૦ | ૧૪૧૧ |
| બાજરો | ૪૭૬ | ૫૨૩ |
| ઘઉ ટુકડા | ૪૬૬ | ૫૬૮ |
| જુવાર | ૬૨૫ | ૭૩૮ |
| મગ | ૧૬૩૨ | ૧૬૩૨ |
| ચણા | ૧૪૧૫ | ૧૪૧૫ |
| **બગસરા** | | |
| ચણા | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ઘઉં લોકવાન | ૪૮૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૩૬ |
| સોયાબીન | ૭૮૦ | ૮૦૨ |
| તલ સફેદ | ૨૧૬૫ | ૨૩૮૨ |
| ધાણા | ૧૨૦૦ | ૧૨૭૦ |
| અડદ | ૧૪૧૫ | ૧૪૧૫ |
| શીંગદાણા | ૧૦૦૦ | ૧૩૬૫ |
| તુવેર | ૧૭૬૫ | ૧૭૬૫ |
| બાજરો | ૩૬૫ | ૩૬૫ |
| **મહુવા** | | |
| એરંડા | ૯૩૨ | ૯૩૨ |
| જુવાર | ૨૪૦ | ૮૩૬ |
| બાજરી | ૪૪૯ | ૫૨૮ |
| ઘંઉ ટુકડા | ૪૭૮ | ૬૩૧ |
| અજમા | ૨૦૩૦ | ૨૩૪૦ |
| સોયાબીન | ૮૩૧ | ૮૪૦ |
| ચણા | ૧૩૦૬ | ૧૪૧૧ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૫૦ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૧૮૫ |
| તુવેર | ૧૫૫૨ | ૧૫૫૨ |
| જીરૂ | ૩૫૭૦ | ૪૦૦૧ |
| ડુંગળી લાલ | ૨૨૬ | ૬૨૮ |
| ડુંગળી સફેદ | ૨૪૩ | ૪૭૨ |
| નાળીયેર | ૩૫૮ | ૧૭૯૯ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૨૫ | ૧૨૫૩ |
| મગફળી ૩૨ નં | ૧૦૫૦ | ૧૨૦૫ |
| બાજરી | ૪૫૦ | ૫૮૨ |
| ઘઉં | ૪૫૦ | ૫૮૨ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૮૩ |
| સફેદ તલ | ૨૨૦૦ | ૨૪૫૦ |
| કાળા તલ | ૨૭૦૦ | ૩૫૦૧ |
| સોયાબીન | ૮૦૦ | ૮૫૮ |
| સીંગદાણા | ૧૬૨૫ | ૧૭૧૮ |
| જુવાર | ૫૦૦ | ૭૪૦ |
| મગ | ૧૩૫૦ | ૧૬૧૧ |
| ચણા | ૧૧૨૫ | ૧૩૫૦ |

## શબ્દ સંજોગ-૧૮૫૦



**આડી ચાવી :**
(૧) ‘.... મંદિર ખોલો....’ (૩)
(૩) સીવણમાં વળણના ભાગો ( જેમકે બગલ) આગળ મૂકાતી ત્રિકોણાકાર કાપલી (૩)
(૬) આ કોઈનો ય સગો નથી (૨)
(૭) સ્ત્રીઓના કપાળનું એક ઘરેણું (૩)
(૮)---- લાકડે આડો વહેર (૨)
(૯) એક વૃક્ષ (૩)
(૧૦) સહાય (૩)
(૧૧) એક સુગંધીદાર વનસ્પતિ (૩)
(૧૪) એક ગુજરાતી મહિનો (૨)
(૧૫) ઘણી સાસુઓ હાથવગી રાખવાની ચીજવસ્તુઓ ય આમાં લોક કરીને મૂકી રાખે છે (૩)
(૧૬) સ્ત્રીને સુંદર દેખાડતું એક આભૂષણ (૨)
(૧૮) સોબત તેવી --- (૩)
(૧૯) નડતર (આ.અ.) (૪)
(૨૧) શુકલ પક્ષ (૨)
(૨૨) જીવતી, સવળી, ઉઘાડી (૨)
(૨૩) પરિવાર, બૈરાં-છોકરાં (૩)
(૨૫) રૂબરૂ ન મળવા છતાંય સગા સંબંધીઓને મળવા માટેનું માધ્યમ (૨)
(૨૭) બગલો (૨)
(૨૮) ચાર પૈસાની કિંમતનું નાણું (૨)
(૨૯) તરત ચેતી જાય તેવું (૩)

**ઊભી ચાવી :**
(૧) બીમારી, રોગ (૪)
(૨) છોકરો, દીકરો (૨)
(૩) એક ફૂલ (૩)
(૪) રાજાની પત્ની (૨)
(૫) અમુક દિવસ સિવાય બીજે કોઈ વખતે (૫)
(૭) રમતમાં આવતો વારો (૨)
(૮) સૃષ્ટિનો સૌથી પ્રથમ જન્મેલો પુરુષ (૩)
(૯) વગર પૂછ્યે કે વગર કહ્યે કર્યે (૪)
(૧૨) મુરાદ, ધારણા (૪)
(૧૩) મુખ, ચહેરો (૩)
(૧૭) બીક, ધ્રુજારી (૩)
(૧૮) દૈત્ય, રાક્ષસ (૩)
(૧૯) ચણોઠી જેવડું કદ કે વજન (૨)
(૨૦) વૈદ, હકીમ (૩)
(૨૨) મોટી ભારે છત્રી, રક્ષણ કરનાર (૨)
(૨૪) ઘણાં લોકો દાગીનાને ઘરે રાખવાના બદલે સલામતી માટે આમાં રાખે છે. (૩)
(૨૫) કાપડની પહેળાઈ (૨)
(૨૬) મરનારને સૂવાડવા લીંપીને તૈયાર કરેલી જગા (૨)

## શબ્દ સંજોગ-૧૮૪૯ જવાબ

**આડી ચાવી:** (૧) મલયજ (૪) બલરામ (૮) શપથ (૧૦) મરી (૧૧) તાપી (૧૩) તરભાણું (૧૫) ઠીક (૧૯) રક્ત (૨૦) વરાધ (૨૧) કમાડ (૨૩) નાત (૨૪) રજ (૨૬) લત (૨૭) હોજ (૨૯) સલોની (૩૦) ડમરૂ (૩૧) અથર્વ (૩૨) નખલો.

**ઊભી ચાવી:** (૧) મમતા (૨) યશ (૩) જપત (૫) લમણું (૬) રમ (૭) મરીચિ (૯) થર (૧૨) પીઠી (૧૪) ભાગવત (૧૬) કરડ (૧૭) અધર (૧૮ ) બકલ (૨૨) માત (૨૩) નાજનીન (૨૫) જમરૂખ (૨૭) હોલો (૨૮) સાડલો (૨૯) સર્વ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલી જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત બે દિવસીય તાલીમ યોજાઈ

અમરેલી, તા.૮



અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત બે દિવસીય નિવાસી તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમ ૫ અને ૬ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ યોજાઈ હતી, જેમાં તાલુકા કક્ષાના બ્લોક કો-ઓર્ડિનેટર, કલસ્ટર કો-ઓર્ડિનેટર અને સિવિલ એન્જીનીયરોએ ભાગ લીધો હતો. રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થાન, અમદાવાદના માસ્ટર ટ્રેનર હાજાભાઈ કાળોતરા અને મીનાક્ષીબેન મહેતાએ તાલીમ આપી હતી. એન.આઈ.આર. ડી. સ્ટેટ કન્સલ્ટન્ટ હરેશકુમાર ખડોદરાએ તાલીમનું મોનિટરિંગ કર્યું હતું. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, અમરેલીના નિયામક કે.જે. જાડેજાના માર્ગદર્શન હેઠળ, જિલ્લા કો-ઓર્ડિનેટર પી.આર. વાઢેર અને એસબીએમ-જીની સમગ્ર ટીમે તાલીમનું સંચાલન કર્યું હતું. તાલીમમાં ગ્રામીણ સ્તરે સ્વચ્છતા અને આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવા, તેમજ ઘન અને પ્રવાહી કચરાના વૈજ્ઞાનિક નિકાલ માટે લોકોને પ્રોત્સાહિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, યોજનાના વિવિધ ઘટકો અને પ્રચાર-પ્રસારની નવીનતમ પદ્ધતિઓ વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

# અમરેલી ખાતે હર ઘર તિરંગા અભિયાન અને તિરંગા યાત્રાની આયોજન બેઠક મળી

અમરેલી, તા.૮



અમરેલી જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે ગુજરાત વિધાનસભાના મુખ્ય નાયબ દંડક અને અમરેલી વિધાન સભાના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષતામાં બેઠક મળી જેમાં તારીખ ૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન અમરેલી જીલ્લાના તમામ ગામોમાં "હર ઘર તિરંગા" અભિયાન યોજાય તે હેતુથી ધારાસભ્ય શ્રી જે.વી. કાકડિયા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, અમરેલી, જીલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, પીઠાભાઈ નકુમ,મેહુલભાઈ ધોરાજીયા, "હર ઘર તિરંગા" કાર્યક્રમના ઈન્ચાર્જ જલ્પેશભાઈ મોવલીયા, વિપુલભાઈ દુધાત, જીલ્લા ભાજપના હોદેદારો, મંડળના પ્રમુખ મહામંત્રી, અભિયાનના સંયોજક,સહ સંયોજકો, તાલુકા પંચાયતના પ્રમુખ અને ટીમ, નગરપાલિકા પ્રમુખ અને ટીમ, તેમજ સોશીયલ મીડિયા ઈન્ચાર્જ, સહ ઈન્ચાર્જ ઉપસ્થિત રહી અમરેલી જીલ્લાભરમાં "હર ઘર તિરંગા" અભિયાન તેમજ તિરંગા યાત્રાને સફળ બનાવવા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ધોરાજી ખોડલધામ મહિલા સમિતિ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



તસવીર : નયન કુહાડીયા

ધોરાજી, તા.૮

ધોરાજી ખાતે ખોડલધામ મહિલા સમિતિ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ખોડલધામ મહિલા સમિતિના મહિલા હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા અને વૃક્ષોની મહત્તા સમજી પર્યાવરણ પ્રત્યે જાગૃતતા આવે તેવા હેતુસર વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

# અમદાવાદમાં પાર્કિંગ, રખડતા ઢોર મુદ્દે હાઈકોર્ટ આકરાપાણીએ

અમદાવાદ,તા.૮



અમદાવાદના બિસ્માર રોડ-રસ્તા, પાર્કિંગ-ટ્રાફિક અને રખડતા ઢોરના મુદ્દે થયેલી કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની પિટિશન ઉપર આજે વધુ સુનાવણી હાથ ધરવામાં આવી છે. અરજદારે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરની જગ્યાએ ડેપ્યુટી કમિશનરે એફિડેવિટ ફાઈલ કરતા વાંધો લીધો હતો. અરજદારે જણાવ્યું કે, આટલા બધા લોકોને ટ્રાફિક મુદ્દે દંડ કર્યો, ચલાન આપ્યા તો શું સ્થિતિ સુધરી? દબાણ હટાવ્યા બાદ ફરી આવી જાય છે. કોર્ટના આગળના ૨૦૧૮ના હુકમની અરજદાર દ્વારા રજૂઆત કરવામાં આવી છે. જેમાં ખરાબ રસ્તાને લઈને કોર્ટે ટિપ્પણી કરી હતી કે, ચોમાસા વખતે અને બાદમાં રસ્તાની પરિસ્થિતિ વર્ણવી છે દર વર્ષે આવું થતું હોવાનું નોંધ્યું છે. રોડ ધોવાઈ જાય છે, આવી રીતે કામ ચાલી શકે નહિ. ચેતવણી આપી છતાં તે બહેરા કાને અથડાય છે. કાયદાઓનું પાલન થતું નથી. જવાબદાર ઓફિસરો સામે સરકારે પગલાં લેવા જોઈએ. કોર્ટે જણાવ્યું હતું કે, નિયમોના ઉલ્લંઘન બદલ અપરાધીઓ બચી જાય છે, જ્યારે નિર્દોષ લોકો હેરાન થાય છે.

# ઉના તાલુકાના સામતેર પાસે ટેન્કરે પલટી મારતાં ડ્રાઈવર ઈજાગ્રસ્ત

ઉના, તા.૮

ઉના ભાવનગર નેશનલ હાઈવે પર સામતેર બાયપાસ વળાંક પાસે અચાનક ટેન્કર પલ્ટી ખાઈ જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ટેન્કર ચાલક ડ્રાઈવરને ઈજા થતાં ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો.

સામતેર બાયપાસના વળાંક પર એક ટેન્કર નં.જી જે ૦૨ એ ટી ૬૯૪૧ ઉના તરફ આવી રહ્યું હોય તે દરમ્યાન અચાનક સ્ટિયરીંગ પરનો કાબૂ ગુમાવી દેતા ટેન્કર પલ્ટી ખાઈ જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. રાત્રીના સમયે આ અકસ્માત દરમ્યાન પાસે અન્ય કોઈ વાહન ન હોવાથી મોટી જાનહાનિ થતા અટકી હતી. આ અકસ્માત થતાં હાઈવે પર ટ્રાફિક જામ થઈ ગયો હતો.

# સુપ્રીમનો આદેશ: 'સુરતના પીઆઈ અને ચીફ જયુ.મેજિસ્ટ્રેટ હાજીર હો!'

સુરત,તા.૮



સુરતના બિલ્ડર તુષાર શાહના રિમાન્ડ મુદ્દે આજે સુપ્રીમ કોર્ટે મહત્વનો આદેશ કર્યો છે. આ સમગ્ર પ્રકરણ સુપ્રીમ કોર્ટમાં પહોંચતા પોલીસ અધિકારીઓ અને મેજિસ્ટ્રેટ દીપાબેન ઠાકરને તિરસ્કારની નોટિસ સુપ્રીમ કોર્ટે જારી કરી હતી.

અધિકારીઓમાં જે તે સમયના પોલીસ કમિશનર અજય તોમર, ડીસીપી વિજયસિંહ ગુર્જર સહિત કોન્સ્ટેબલ પી.આઈ. રાવલને નોટિસ આપવામાં આવી હતી. જોકે, આ સમગ્ર મામલે સુપ્રીમ કોર્ટે પોલીસ કમિશનર, ડીસીપી, કોન્સ્ટેબલ અને અભિષેક ગોસ્વામીને આરોપોથી ડિસ્ચાર્જ કર્યા છે. જ્યારે બીજી બાજુ પી.આઈ. રાવલ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટને દોષી જાહેર કરી ૨ સપ્ટેમ્બરે હાજર રહેવા આદેશ કર્યો છે.

# રાજુલામાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા વૃક્ષારોપણ



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા. ૮

રાજુલામાં આવેલા અંબાજી માતા મંદિર તથા કાળભૈરવ દાદાના મંદિરના મેદાનમાં પર્યાવરણ બચાવો અભિયાન અંતર્ગત એક પેડ મા કે નામને અનુલક્ષી વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મહંત ભાવેશબાપુ, ચિરાગભાઈ જોષી તેમજ વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં જોડાયા હતાં.

# બે હોમગાર્ડ જવાનોનું નિધન થતા વારસદારોને ચેક અર્પણ કરાયા

ઉના,તા.૮



તસવીર : કૈલાસ ભટ્ટ

ગીર સોમનાથ જિલ્લામાં ફરજ બજાવતા હોમગાર્ડ જવાનોનું અવસાન થતા તેમના વારસદારોને ચેક આપવામાં આવ્યા હતા. ગત તા ૧૫-૦૪-૨૦૨૪ ના રોજ ફરજ દરમિયાન અકસ્માતે અવસાન થનાર હોમગાર્ડઝ વેરાવળ યુનિટના સ્વ. ક્રિષ્ના સુરજભાઈ ચુડાસમાના વારસદાર તેમના પિતા સુરેશભાઈ ચુડાસમાને રૂા.૨,૫૦,૦૦૦નો ચેક આપવામાં આવ્યો હતો. તેમજ પ્રભાસ પાટણ યુનિટના માનદ હોમગાર્ડ સભ્ય સ્વ. પરેશભાઈ નરોતમભાઈ મુરબીયાનું અવસાન થયેલ તેઓના ધર્મપત્ની ગં.સ્વ. દક્ષાબેન પરેશભાઈ મુરબીયાને રૂા.૧.૫૫ લાખનો સદરહું ચેક પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન. જાડેજાના અધ્યક્ષ સ્થાનેથી એનાયત કરવામાં આવેલ હતો.

# શ્રી વિશા શ્રીમાળી વણિક સોની જ્ઞાતિનું સ્નેહ મિલન યોજાયું



અમરેલી, તા.૮

શ્રી વિશા શ્રીમાળી વણિક સોની જ્ઞાતિ ઉત્કર્ષ ટ્રસ્ટ-અમરેલી દ્વારા મા સરસ્વતી વંદના સમારોહ તેમજ જ્ઞાતિ ભોજનનાં ગરિમામય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આવા કાર્યક્રમોથી સમાજમાં પ્રેમ, સામાજિક એકતા, સાંસ્કૃતિક વિવિધતા અને સામાજિક સંપર્કો વધુ ગાઢ બને છે જેનો સમાજને ખૂબ મોટો ફાયદો થાય છે. પ્રશંસનીય કાર્યક્રમ બદલ આયોજકોને અભિનંદન પાઠવીને આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ભેંસાણના સાંકરોળા ગામનો રસ્તો બિસ્માર હાલતમાં: ગ્રામજનોની મુશ્કેલીઓ વધી

ભેંસાણ, તા.૮



તસવીર : ગોપાલ ભેંસાણીયા

જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાના અંતરિયાળ સાંકરોળા ગામના રહીશો માટે મુખ્ય આવાગમનનો માર્ગ છેલ્લા કેટલાક વર્ષોથી અત્યંત ખરાબ સ્થિતિમાં છે. આશરે ૨૦૦૦ની વસ્તી ધરાવતા આ ગામના લોકો દૈનિક જીવનની પ્રાથમિક જરૂરિયાતો માટે સંઘર્ષ કરી રહ્યા છે. ભેસાણ તાલુકા મથકથી ૧૫ કિલોમીટર દૂર આવેલા સાંકરોળા ગામનો મુખ્ય માર્ગ હાલમાં કાદવ-કીચડથી ભરેલો છે. ચોમાસાની મોસમમાં આ સ્થિતિ વધુ કથળી છે, જેના કારણે સ્થાનિકોને આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી માટે ભેસાણ જવું પણ મુશ્કેલ બન્યું છે. સાંકરોળા ગામના ઉપસરપંચ અશોકભાઈ વીંછીએ જણાવ્યું કે, "આ રસ્તો લાંબા સમયથી મંજૂર થયેલો છે, પરંતુ તેનું નિર્માણ કાર્ય હજુ શરૂ થયું નથી. આ પરિસ્થિતિ ખેડૂતો માટે પણ ખૂબ જ મુશ્કેલ છે." સ્થાનિક રહેવાસીઓની ફરિયાદોને ધ્યાનમાં રાખીને, ઉપસરપંચ અશોકભાઈ વીંછીએ માર્ગ અને મકાન વિભાગના જિલ્લા કાર્યપાલક ઈજનેર અને તાલુકા વિકાસ અધિકારીને લેખિત અરજી કરી છે. તેમણે સાંકરોળાથી ખજૂરી હડમતિયા સુધીના રોડની કામગીરી તાત્કાલિક શરૂ કરવાની માંગ કરી છે.

# કોડીનાર ખાતે તાલુકા કક્ષાનો યુવા ઉત્સવ કાર્યક્રમ યોજાયો



તસવીર : ધર્મેશ પાઠક

કોડીનાર, તા. ૮

કોડીનાર ખાતે તાલુકા કક્ષાનો યુવા ઉત્સવ કાર્યક્રમ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે યોજાયો હતો.

આ કાર્યક્રમમાં વકતૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન, કાવ્ય લેખન, લગ્નગીત, ભજન સહિતની ૧૫ જેટલી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાનો સ્ટાફ હાજર રહ્યો હતો.

# ધોરાજીના નાની પરબડી ગામે માનવ કંકાલની ખોપરી મળતા ચકચાર

રાજકોટ,તા.૮

ધોરાજી તાલુકાના નાની પરબડી ગામ નજીક પ્લાસ્ટિકના બંધ કારખાનામાંથી માનવ કંકાલની ખોપરી મળી આવતા પોલીસ દોડી ગઈ હતી. ફોરેન્સિક ટીમની મદદથી તપાસનો ધમધમાટ ચાલુ કર્યો છે. પોલીસે સ્થળ પરથી મળેલ ખોપરી ચકાસણી માટે ફોરેન્સિક લેબમાં મોકલી ભેદ ઉકેલવા તપાસ હાથ ધરી છે. પરબડી ગામ નજીક બંધ પડેલા પ્લાસ્ટિકના કારખાનાની પાણીની ટાંકીમાંથી માનવ કંકાલની ખોપરી મળી આવતા સનસનાટી મચી જવા પામી છે. ત્યારે ધોરાજી તાલુકા પોલીસે ખોપરીને કબજે લઈ ફોરેન્સિકમાં મોકલી આપી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પ્લાસ્ટિકના બંધ કારખાના તાજેતરમાં નવા માલિકે ખરીદ કર્યા બાદ કારખાનાની સાફસફાઈ શરૂ કરાવી હતી. જેમાં પાણીના ટાંકામાંથી માનવ ખોપરી મળી આવતા ધોરાજી તાલુકા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે માનવ ખોપરી અને અન્ય માનવ કંકાલને કબજે લઈ ફોરેન્સિક લેબમાં મોકલી આપ્યાં છે.


## -//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં,અમરેલી//-

અપીલ અરજી.નં.૧૯/૨૦૨૪

**અરજદાર :-** શ્રી ઈસ્માઈલભાઈ અબ્દુલભાઈ ચૌહાણ
રહે. બ્લોક નં.૯, અલસહારા રો હાઉસ, બાગે ઝોહરા,
મણીનગર, તા.જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી
મુ. અમરેલી, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં ઈસ્માઈલભાઈ અબ્દુલભાઈ ચૌહાણએ તેમના દાદી જેનુબેન હાસમભાઈ ચૌહાણનો મરણ તા. ૨૫/૧૨/૧૯૭૯ નાં રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૦૬/૦૮/૨૦૨૪ ના રોજ મારી સહિ તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી શહેર**



## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં

નં. મરણ/ કેસ / રજી.નં.૨૩/૨૦૨૪

**પ્રતિઃ**
શ્રી ધીરૂભાઈ કેશુભાઈ બારૈયા ....અરજદાર
રહે. મોરવડ ગામ-મોરવડ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી,પી.એન.વાજા તથા આર.કે.વંશ

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મોરવડ
તાલુકો-કોડીનાર, જિલ્લો.ગીર સોમનાથ .............સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના મોરવડ ગામના રહીશ **શ્રી ધીરૂભાઈ કેશુભાઈ બારૈયાના પત્નિશ્રી ભાવનાબેન ધીરૂભાઈ બારૈયાનું મરણ તારીખ.૦૬/૦૮/૨૦૧૦** ના રોજ કોડીનાર તાલુકાના મોરવડ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના મોરવડ ગામના સને ૨૦૧૦ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૨/૦૮/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે .

આજ તારીખ ૨૫/૦૭/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

કોર્ટનો સિક્કો

**(એન.જી.રાદડીયા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**



## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં

નં.જન્મ/ કેસ / રજી.નં.૪૫/૨૦૨૪

**પ્રતિઃ**
શ્રી માનસિંહ દાદુભાઈ જાડેજા ....અરજદાર
રહે.વલાદર ગામ-વલાદર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી,બી.એન.વાઘેલા તથા ડી.બી. દેવળીયા રહે. કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વલાદર
તાલુકો-કોડીનાર, જિલ્લો.ગીર સોમનાથ .............સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વલાદર ગામના રહીશ **શ્રી માનસિંહ દાદુભાઈ જાડેજાના પુત્રીશ્રી શ્રધ્ધાબા માનસિંહ જાડેજા નો જન્મ તા.૨૭/૦૫/૨૦૧૭** ના રોજ **કોડીનાર તાલુકાના** વલાદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના વલાદર ગામના સને ૨૦૧૭ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૨/૦૮/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે .

આજ તારીખ ૨૫/૦૭/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

કોર્ટનો સિક્કો

**(અન.જી.રાદડાયા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**વિપક્ષો મારું અપમાન કરી રહ્યા છે. આવી સ્થિતિમાં હું આ ખુરશી પર બેસી શકવા સક્ષમ નથી**

# રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરે ગુસ્સામાં આવી પોતાની ખુરશી છોડી

નવીદિલ્હી,તા.૮

દેશના ઉપરાષ્ટ્રપતિ અને સંસદના ઉપલા ગૃહના અધ્યક્ષ જગદીપ ધનખરે ગુસ્સામાં આવીને ખુરશી છોડી દીધી. વિરોધ પક્ષોના નેતાઓ દ્વારા કરવામાં આવતા સૂત્રોચ્ચારથી તેઓ નારાજ થયા હતા. તેમણે કહ્યું કે આજે અહીં જે પણ થયું તે યોગ્ય નથી. અહીં મને નહીં, પરંતુ અધ્યક્ષ પદને પડકારવામાં આવી રહ્યું છે. વિપક્ષના નેતા મારી વિરુદ્ધ ટિપ્પણી કરી રહ્યા છે. તેઓ



મારું અપમાન કરી રહ્યા છે. આવી સ્થિતિમાં હું આ ખુરશી પર બેસી શકવા સક્ષમ નથી. આ દરમિયાન વિરોધ પક્ષોએ ગૃહમાંથી વોકઆઉટ કર્યું હતું. વાસ્તવમાં, રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે વિનેશ ફોગાટનો મુદ્દો ગૃહમાં ઉઠાવવા માંગતા હતા. મંજૂરી ન મળતાં વિપક્ષી નેતાઓએ સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા. જેના પર અધ્યક્ષ ગુસ્સે થઈ ગયા. વિપક્ષના હોબાળા વચ્ચે અધ્યક્ષ જગદીપ ધનખરે વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેને બોલવા દીધા. તેમણે ખડગેને પૂછ્યું કે તમે શું કહેવા માગો છો. તેના પર ખડગેએ કહ્યું કે અમે ગઈકાલે પણ આ વાત કરી હતી. આ એક ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દો છે.

# ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવા માટે નાના અને મધ્યમ ઉદ્યોગોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા : મુખ્યમંત્રી પટેલ

(એ.આર.એલ),અમદાવાદ,તા.૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ઈન્ડો-અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સના 'સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર એમએસએમઈના લોન્ચિંગ પ્રસંગે એમઆઈએમઈને અર્થતંત્રની કરોડરજ્જુ ગણાવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ત્રીજી ટર્મમાં દેશને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવા માટે નાના અને મધ્યમ ઉદ્યોગોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. એમ જણાવતા તેમણે કહ્યું



કે ગુજરાતમાં ઉદ્યોગોના વિકાસ માટે સરકાર જવાબદારીપૂર્વક પ્રયત્નશીલ છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, પ્રોત્સાહક પોલિસી તેમજ સરકાર તરફથી ઝડપી ક્લિયરન્સના ઉત્તમ પરિણામે આજે ગુજરાતમાં ૧૯.૮૦ લાખ રજિસ્ટર્ડ એમએસએમઈ કાર્યરત છે. તેના માધ્યમથી ૧.૦૭ કરોડ લોકોને રોજગારી મળી રહી છે. દેશમાં

**મુખ્યમંત્રીએ એમઆઇએમઇને અર્થતંત્રની કરોડરજ્જુ ગણાવી**

૫% ભૂ-ભાગ ધરાવતા ગુજરાતનું જીડીપીમાં ૮.૬૩% યોગદાન હોવું એ આપણા સહુ માટે ગૌરવની બાબત છે.

વાઈબ્રન્ટ ગુજરાત સમિટના પાયામાં પણ ગુજરાતના ઉદ્યોગોને ગ્લોબલ પ્લેટફોર્મ પૂરૂ પાડવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વિચાર છે.

# હરિયાણા, મહારાષ્ટ્ર, જમ્મુ કાશ્મીરમાં એક સાથે ચૂંટણી યોજાય તેવી શક્યતા

નવીદિલ્હી,તા.૮

આર્ટિકલ ૩૭૦ હટ્યા બાદ જમ્મુ કાશ્મીરમાં ચૂંટણીની રાહ જોવામાં આવી રહી છે. હવે આ મામલે મોટા સમાચાર સામે આવ્યા છે. સુત્રો અનુસાર, જમ્મુ કાશ્મીર, હરિયાણા અને મહારાષ્ટ્રમાં એક સાથે ચૂંટણી યોજાઈ શકે છે. જોકે, ઝારખંડમાં ચૂંટણી અલગથી થવાની સંભાવના છે. આ મામલે અંતિમ નિર્ણય ૨૦ ઓગસ્ટ સુધી લેવામાં આવી શકે છે. મળતી માહિતી અનુસાર, જમ્મુ કાશ્મીર બાદ ચૂંટણી પંચ હરિયાણા અને મહારાષ્ટ્રનો પ્રવાસ કરી શકે છે. ૧૨ અને ૧૩ ઓગસ્ટે હરિયાણાના પ્રવાશે ચૂંટણી પંચ જશે. હરિયાણા બાદ ચૂંટણી પંચ મહારાષ્ટ્રનો પ્રવાસ કરશે. જમ્મુ કાશ્મીર, હરિયાણા અને મહારાષ્ટ્રની ચૂંટણી ઝારખંડ ચૂંટણીથી અલગ થવાની સંભાવના છે. હરિયાણા અને મહારાષ્ટ્રમાં ઓક્ટોબરમાં મતદાન થશે. જમ્મુ કાશ્મીરમાં સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં મતદાન થઈ શકે છે. જમ્મુ કાશ્મીરમાં ચૂંટણી કરાવવાનો અંતિમ નિર્ણય તમામ પક્ષ સાથે વાત કર્યા બાદ થશે.



# આગામી દિવસોમાં ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના : અંબાલાલ પટેલની આગાહી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૮

અંબાલાલ પટેલે એક એવી આગાહી કરી છે જેના કારણે સૌ કોઈ ચિંતાતૂર બન્યા છે. અંબાલાલ પટેલે કહ્યું છે કે ગુજરાતમાં આગામી દિવસોમાં પૂરની દહેશત ઉભી થઈ શકે છે. આગામી દિવસોમાં ગુજરાતમાં પૂર આવી શકે છે. કારણકે, આગામી દિવસોમાં ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. જો ગુજરાતમાં ધાર્યા મુજબનો વરસાદ આવશે તો પૂરની સ્થિતિનું નિર્માણ થઈ શકે છે. સામાન્ય માણસોની



સાથોસાથ સરકારી તંત્રની ચિંતામાં પણ વધારો થાય તેવી આ એવી આગાહી છે. અંબાલાલ પટેલની આગાહી મુજબ ગુજરાત પર હાલ વિનાશક પૂરનું જોખમ તોળાઈ રહ્યું છે. હવામાન વિભાગે પણ ભારે વરસાદની આગાહી અને તોફાની બનેલા દરિયાને જોતા માછીમારોને દરિયો ન ખેડવા કહ્યું છે. અંબાલાલ પટેલની આગાહી તમારી છાતીના પાટીયા બેસાડી દેશે. આ વખતે ગુજરાતમાં વિનાશક પૂરની આગાહી કરવામાં આવી છે. એવું પણ કહેવાય છે કે, અંબાલાલ

**રાજ્યમાં પૂરની સંભાવના પણ વ્યક્ત કરાઈ**

પટેલની આગાહી ક્યારેય ખોટી નથી પડતી. તેથી સૌ કોઈને એજ વાતનો ડર છે. આજથી ૧૪ ઓગસ્ટ સુધીમાં સારા વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના પણ અંબાલાલે વ્યક્ત કરી છે. ૧૫ ઓગસ્ટથી ગુજરાતમાં ફરીથી સારા વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# વિનેશ ફોગટને સિલ્વર મેડલ વિજેતાને અપાતી તમામ સુવિધા અપાશે : હરિયાણાના મુખ્યમંત્રી

ચંડીગઢ,તા.૮

ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગાટને પેરિસ ઓલિમ્પિકમાં મોટો આંચકો લાગ્યો છે. વિનેશ ફોગાટ ફાઈનલમાં પહોંચી હતી, પરંતુ મેડલ જીતવામાં નિષ્ફળ રહી હતી. વાસ્તવમાં, તેણે ૫૦ કિલોગ્રામ વર્ગમાં ભાગ લીધો હતો, પરંતુ તેનું વજન માત્ર ૧૦૦ ગ્રામ વધુ હતું, જેના પછી તેને અયોગ્ય જાહેર કરવામાં આવી. આ નિર્ણયથી આશ્ચર્યચકિત થઈને વિનેશ ફોગાટે કુસ્તીમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી. જો કે આ દરમિયાન હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સૈનીએ એક મોટી જાહેરાત કરી છે. હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સૈનીએ કહ્યું કે ભલે વિનેશ ફોગાટ ફાઈનલ ન રમી શકે, પરંતુ તેને પુરસ્કાર સહિતની તમામ સુવિધાઓ આપવામાં આવશે, જે સિલ્વર મેડલ વિજેતાને આપવામાં આવે છે. તેણે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે કેટલાક કારણોસર તે ઓલિમ્પિકની ફાઈનલ રમી શકી નથી પરંતુ તે આપણા બધા માટે ચેમ્પિયન છે.



# ગુજરાતના પાંચ IAS, બે IPS અને એક IFSને વિકલાંગતા સાબિત કરવી પડશે

ગાંધીનગર,તા.૮

દેશના તમામ રાજ્યોમાં વિકલાંગતા ધરાવતા કોઈ અધિકારી હોય તો તેની વિકલાંગતા તપાસવા માટેની સુચના દરેક રાજ્ય સરકારને આપી છે. ગુજરાત સરકારને પણ આ જ આદેશ મળ્યા છે. જેને પગલે ગુજરાતના ૫ IAS અને 2 IPS અને ૧ IFS મળીને સિવિલ સર્વિસના કુલ ૮ અધિકારીએ વિકલાંગતા સાબિત કરવી પડશે. DOPTએ ગુજરાત સરકારને કરેલા આદેશમાં કહેવાયું છે કે સિવિલ સર્વિસિસમાં રહેલા અને વિકલાંગતા ધરાવતા અધિકારીની વિકલાંગતા તપાસવામાં આવે. આ પ્રકારના તમામ અધિકારીના ફિટનેસ ટેસ્ટ કરાવવામાં આવે. આ ટેસ્ટ એઈમ્સ અથવા સરકારી હોસ્પિટલમાં કરવામાં આવે. આમ જોઈએ તો ગુજરાતમાં ૫ એવા આઈએએસ છે કે જે આંશિક વિકલાંગતા ધરાવે છે. બીજી તરફ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના પણ બે આઈપીએસની પણ ખોટા સર્ટિફિકેટ હેઠળ ભરતી થયાની ફરિયાદ થઈ છે. આ ઉપરાંત એક આઈએફએસ અધિકારી એવા છે કે જે પણ આંશિક વિકલાંગતા ધરાવે છે. આમ, ગુજરાતના ૮ જેટલા સિવિલ સર્વિસિસના અધિકારી છે જેમણે આગામી સમયમાં પોતાની વિકલાંગતા સાબિત કરવી પડશે.

# ઈરાનની રાજધાની તહેરાનમાં ૨૯ કેદીઓને ફાંસી આપવામાં આવી

(એ.આર.એલ),તહેરાન,તા.૮

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના તણાવ પર દુનિયાની નજર છે ત્યારે ઈરાને લગભગ ૨૯ લોકોને ફાંસી આપી છે. રાજધાની તેહરાનની નજીકની બે જેલોમાં આ સામૂહિક સજા એક જ દિવસમાં આપવામાં આવી છે. આ સમાચાર સૌ કોઈ માટે આઘાતજનક છે. નોર્વે સ્થિત ઈરાન હ્યુમન રાઈટ્સ ઓર્ગેનાઈઝેશન અનુસાર, ૨૬ કેદીઓને ગેઝેલહેઝર જેલમાં અને ત્રણને કરજ સેન્ટ્રલ જેલમાં ફાંસી આપવામાં આવી હતી. એચઆરએનજીઓના ડિરેક્ટર મહમૂદ અમીરી-મોગદ્દામ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઈસ્લામિક રિપબ્લિક દેશમાં કેદીઓને સામૂહિક ફાંસી આપવા અને ઈરાનમાં દમનને વધુ તીવ્ર બનાવવા ઈઝરાયેલ સાથેના તેના તણાવ તરફ વૈશ્વિક ધ્યાનનો લાભ લઈ રહ્યું છે.

ઈઝરાયેલ-ઈરાન તણાવ પર સમગ્ર વિશ્વની નજર છે.

# ભારત ફાર્મા ક્ષેત્રે હબ બનવા આગળ વધી રહ્યું છે, જેમાં ગુજરાતનો સિંહ ફાળો : આરોગ્ય મંત્રી પટેલ

ગાંધીનગર,તા.૮

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આજે હેલીપેડ પ્રદર્શન ગ્રાઉન્ડ ગાંધીનગર ખાતે ૧૭માં ફાર્માટેક એક્સ્પો અને લેબટેક એક્ષ્પોનો શુભારંભ કરવામાં આવ્યો હતો. બંને મંત્રીએ એક્સપોનો શુભારંભ કરીને પ્રદર્શનોની મુલાકાત લીધી હતી. તા. ૮ ઓગસ્ટથી ૧૦



ઓગસ્ટ ૨૦૨૪ સુધી યોજાનાર આ ત્રિદિવસીય ફાર્માટેક એક્ષ્પો અને લેબટેક એક્ષ્પોની ૧૭મી આવૃત્તિની થીમ નવીનતા, ટેકનોલોજી અને નોલેજ-શેરિંગને સમર્પિત છે. આ એક્ષ્પોનો શુભારંભ કરાવતા મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ફાર્મા ટેક્નોલોજી ઈન્ડેક્સ.કોમ દ્વારા ડ્રગ માર્કેટિંગ એન્ડ મેન્યુફેક્ચરિંગ એસોસિએશનના સહયોગથી આયોજિત આ કાર્યક્રમ ફાર્મા મશીનરી, લેબ, વિશ્લેષણાત્મક અને પેકેજિંગ સાધનોને પ્રકાશિત કરવામાં આવ્યા છે.

# બગદાણા જવાનો રસ્તો તંત્રની ઘોર બેદરકારીને કારણે બંધ

બગદાણા, તા.૮

સૌરાષ્ટ્રમાં તપસ્વીની ભૂમિ એટલે કે બગદાણા બાપા સીતારામનું ભવ્ય મંદિર, જ્યાં સમગ્ર ગુજરાત સહિત દેશ-વિદેશમાંથી શ્રદ્ધાળુઓ બારેમાસ દર્શન કરવા માટે આવે છે. બગદાણા જવા માટે હજારોની સંખ્યામાં લોકો તે રસ્તા ઉપરથી પસાર થાય ત્યારે ઉંટ પર સવારી કરતા હોય તેવો અહેસાસ થાય છે. બે વર્ષથી ઠાડચથી રોસિયા સુધીનો ફોર લેન રોડ ૯ કરોડના ખર્ચથી મંજૂર થયો હોવા છતાં પણ તંત્રના પાપે ટેન્ડર બહાર પાડવામાં આવતું નથી અને ભક્તો-સેવકોને બગદાણા જવામાં હેરાન થવું પડે છે અને અવારનવાર નાના મોટા અકસ્માતો થાય છે. કેટલાક વ્યક્તિ પોતાના હાથ પગ અને જીવ પણ ગુમાવે છે. દરેક નાળા ખખડધજ હાલતમાં છે. આજે રાળગોનનું નાળુ બેસી ગયેલ હોવાથી લોકોને નવ કિલોમીટર ફરીને રાળગોનથી દુદાણા થઈને ફરીને બગદાણા જવું પડે છે. જેથી વહેલી તકે સામાજિક-રાજકીય આગેવાનો આ રસ્તાનું અને નાળાનું કામ તાત્કાલિક શરૂ કરાવે તેવી લોકોમાં માગ ઉઠી છે.

# સુરત ખાતે ૭૩મો વિચારોનું વાવેતર કાર્યક્રમ યોજાયો





અમરેલી,તા.૮

સુરત ખાતે યોજાયેલા વિચારોનું વાવેતર કાર્યક્રમમાં સુરતના ડીસીપી હેતલબેન પટેલ, કોન્સ્ટેબલ નિમાબેન દેસાઈ અને દિવ્યાંગ બાળ આર્ટીસ્ટ કુ.જાનવી, તેમની માતા અસ્મીતાબેન હીરપરાનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિવૃત એસીપી જે.એમ. પટેલ તથા નિવૃત ડીવાયએસપી આર.એલ. માવાણી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કિશોરભાઈ ડી. માંગરોળીયા જમનાબા ભવન હોસ્ટેલના નવા રૂમદાતા બનતા તેમને અભિવાદીત કર્યા હતા અને રૂમદાતા વિપુલભાઈ પી. હીરપરા તથા નીતાબેન હીરપરા એ ૭.૫ લાખનો ચેક અર્પણ કર્યો હતો. સમગ્ર વ્યવસ્થા વરાછા બેંકની ટીમે સંભાળી હતી. જયારે કાર્યક્રમનું સંચાલન હાર્દિક ચાંચડે કર્યું હતું.

**રહેવા માટે ગુજરાત પ્રથમ પસંદગી, કારણ કાયદો અને વ્યવસ્થા : ડીસીપી હેતલ પટેલ**

# 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત માહી ડેરી દ્વારા વૃક્ષારોપણ ઝુંબેશ શરૂ કરાઈ



અમરેલી, તા.૮

વિશ્વમાં વધતા જતા પ્રદૂષણને નાથવા અનેક સંસ્થાઓ દ્વારા વૃક્ષો વાવીને સામાજિક જવાબદારીનું પ્રેરણાત્મક કાર્ય કરવામાં આવી રહ્યું છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એક પેડ મા કે નામ અભિયાન શરૂ કરાવી સમગ્ર દેશમાં વધુને વધુ વૃક્ષો વાવવા લોકોને અપીલ કરી છે. સૌરાષ્ટ્ર-કચ્છના દૂધ ઉત્પાદકોની સંસ્થા- માહી ડેરી દ્વારા આ અભિયાન અંતર્ગત સંસ્થાની વિવિધ જિલ્લાઓમાં આવેલી કચેરીઓ, બી.એમ.સી. કેન્દ્રો તેમજ ગ્રામ્ય કક્ષાએ આવેલ સંસ્થાના દૂધ એકત્રીકરણ કેન્દ્રો ખાતે રાજ્યના વન વિભાગના સહકારથી વૃક્ષારોપણ ઝુંબેશ હાથ ધરી ૪૧૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. સંસ્થાની કચેરીઓ, બી.એમ.સી. કેન્દ્રો અને દૂધ એકત્રીકરણ કેન્દ્રો ખાતે લીમડા, કરંજ, ગુલમહોર, બોરસલી, ઉમરો, ગરમાળો વગેરે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યુ હતું. સંસ્થાના કર્મચારીઓ, સહાયકો અને સભાસદો દ્વારા મોરબી, ભાવનગર, બોટાદ, અમરેલી, સુરેન્દ્રનગર, કચ્છ, પોરબંદર, જામનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા વગેરે જિલ્લાઓમાં વૃક્ષોનું વાવેતર કર્યા બાદ તેનો ઉછેર કરી સમગ્ર વિસ્તારને લીલોછમ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે સંસ્થાના ચીફ એક્ઝિક્યુટિવ ડો. સંજય ગોવાણીએ જણાવ્યુ હતું કે, વડાપ્રધાન દ્વારા શરૂ કરવામાં આવેલ એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત માહી ડેરી દ્વારા સમગ્ર રાજ્યમાં રાષ્ટ્રીય ઉત્તરદાયિત્વ નિભાવવા માટે વૃક્ષારોપણનું કાર્ય હાથ ધરાયું છે જેમાં અમને વન વિભાગનો સહકાર પણ મળ્યો છે.

**અત્યાર સુધીમાં ૧.૬૬ કરોડ ગરીબોને રૂ.૩૬૮૦૦ કરોડની સહાય અપાઈ**

# મુખ્યમંત્રીના નેતૃત્વમાં આગામી મહિને રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળો યોજાશે

ગાંધીનગર,તા.૮

રાજ્યના ગરીબ વર્ગો અને અંતરિયાળ વિસ્તારોના વંચિત લોકો સુધી સરકારની કલ્યાણ યોજનાઓના લાભ હાથોહાથ પહોંચાડતા ગરીબ કલ્યાણ મેળાની ૧૪મી કડી આગામી સપ્ટેમ્બર-૨૦૨૪માં યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને દિશાદર્શનમાં ગરીબ કલ્યાણનું અવિરત લક્ષ્ય સાકાર કરવા દરેક જિલ્લામાં એક-એક એમ કુલ ૩૩ ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન રાજ્ય સરકાર દ્વારા થવાનું છે. લોકોના કલ્યાણ અને વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવતી લોકહિતકારી યોજનાઓના લાભો લાભાર્થીઓને સુપેરે અને સરળતાથી મળી રહે તેવો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો અભિગમ છે. આ હેતુસર તેમણે ૧૦૦ ટકા લાભાર્થી સુધી યોજનાકીય લાભો પહોંચાડવાનો સેચ્યુરેશનનો



નવો વિચાર પણ આપ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં ગરીબ, વંચિત, તેમ જ દૂર-દરાજના અંતરિયાળ વિસ્તારના લોકો સુધી વ્યક્તિગત અને સમૂહ યોજના લક્ષી લાભ સીધા જ હાથોહાથ પહોંચાડવા તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં ૨૦૦૯થી ગરીબ કલ્યાણ મેળાનો ઉપક્રમ શરૂ કરાવ્યો છે. ૨૦૦૯થી શરૂ થયેલી ગરીબ કલ્યાણ હિતલક્ષી પરંપરાને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આગળ ધપાવી છે. તેમણે આગામી સપ્ટેમ્બર-૨૦૨૪માં યોજાનારા ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી અંદાજે ૯૦ હજારથી વધુ લાભાર્થીઓને ૧૨૫ કરોડ રૂપિયાની ગુણવત્તાયુક્ત સાધન સહાય કીટ્સનું પ્રત્યક્ષ વિતરણ કરવા સંબંધિત વિભાગોને પ્રેરિત કર્યા છે. આ ઉપરાંત સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આ મેળાના સ્થળે જ જરૂરતમંદ લોકોને મળી રહે તે માટે વિવિધ વિભાગોના સ્ટોલ્સ ઊભા કરવાનું પણ સૂચન કર્યું છે. ગરીબ કલ્યાણ મેળાની જે ૧૩ કડી અત્યાર સુધીમાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે, તેમાં ૧૬૦૪ આવા મેળાઓ દ્વારા ૩૬,૮૦૦.૯૦ કરોડ રૂપિયાની સહાય ૧.૬૬ કરોડ લાભાર્થીઓને પહોંચાડવામાં આવી છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



૯ ઓગસ્ટ, ૨૦૨૪

# વિશ્વ આદિવાસી દિવસ

## આદિજાતિ બાંધવોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ



**આદિજાતિ પરિવારનાં સપનાં થશે સાકાર,**
**આ છે પ્રગતિશીલ સરકારનો નિર્ધાર**

**આ ઉજવણી રાજ્યના ૨૭ સ્થળો પર કરાશે.**
**જેમાં રાજ્યકક્ષાનો કાર્યક્રમ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ખેડબ્રહ્મા ખાતે યોજાશે. જેનું જીવંત પ્રસારણમાં રાજ્યના ૨૬ સ્થળોએ કરાશે.**



### સર્વાંગી વિકાસના મળ્યાં ઉમદા પરિણામ

વનબંધુ કલ્યાણ યોજના-૧ હેઠળ ₹૧.૦૬ લાખ કરોડના ખર્ચથી આદિજાતિ સમુદાય અને વિસ્તારોનો સર્વાંગી વિકાસ થયો, વનબંધુ કલ્યાણ યોજના-૨ માટે ₹૧ લાખ કરોડનું આયોજન. જેમાં છેલ્લા ૪ વર્ષમાં ₹૬૯,૮૮૦ કરોડની જોગવાઈ.



### ડેરી ઉદ્યોગ બન્યો રોજગારીનું માધ્યમ

સંકલિત ડેરી વિકાસ યોજના અંતર્ગત યુનિટ કોસ્ટ ₹૭૦,૦૦૦ થી વધારી ₹૯૦,૦૦૦ કરવામાં આવી, જેથી લાભાર્થીઓને પશુદીઠ મળતી સહાય (સબસિડી) ₹૪૫,૦૦૦થી વધી ₹૫૮,૦૦૦ થઈ



### રાજ્યના સરહદી ગામોનો વિકાસ

મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના અંતર્ગત સહાયમાં વધારો કરી ₹૧૦૦ કરોડ કરવામાં આવી, વર્ષ ૨૦૨૩-૨૪માં બોર્ડર પાસેના ગામોના વિકાસ માટે ૩૦૭૧ કામોને મંજૂરી



### PM-JANMAN અભિયાન

આ અભિયાન હેઠળ આદિમજૂથના વિસ્તાર માટેની ખૂટતી પાયાની જરૂરિયાત અને વ્યક્તિગત યોજનાઓ હેઠળ આવાસ, આંગણવાડી, પેટા આરોગ્ય કેન્દ્ર, વીજ જોડાણ, આયુષ્માન કાર્ડ વગેરેના લાભ માટે મિશન મોડ પર કામગીરી



### હળપતિ સમુદાયના સર્વાંગી વિકાસના પ્રયાસ

મુખ્યમંત્રી હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજનાનું પુનઃ ગઠન કરી જોગવાઈમાં વધારો કરી ₹૬૫.૭૧ કરોડ કરવામાં આવી, જે અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં ૪૭૩૦ વિકાસ કામોને મંજૂરી મળતા હળપતિ સર્વાંગી વિકાસને મળશે વેગ



### છાત્ર શિક્ષણ સહાયમાં વૃદ્ધિ

વર્ષ ૨૦૨૨-૨૩થી છાત્ર દીઠ સહાયમાં ₹૬૬૦નો વધારો કરવામાં આવ્યો, ૧.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ મેળવ્યો લાભ.



**આદિજાતિ બાંધવો માટે નવી પહેલ**
આદિજાતિ લાભાર્થી પસંદગી પ્રક્રિયા ઝડપી અને પારદર્શક બને, લાભાર્થીને સમયસર યોજનાનો લાભ મળે તે હેતુથી ગુડ ગવર્નન્સના ઉપક્રમે https://dsagsahay.gujarat.gov.in પોર્ટલ કાર્યાન્વિત

વધુ વિગતો માટે QR સ્કેન કરો
યોજનાનો લાભ મેળવો

**તારીખઃ ૯ ઑગસ્ટ, ૨૦૨૪, શુક્રવાર | સમયઃ સવારે ૧૦:૦૦ વાગે**
**સ્થળઃ આર્કેક્તા ઈન્સ્ટિટ્યૂટ, નવી મેત્રા, તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા.**

## આદિજાતિના ઉત્કર્ષ માટે કટિબદ્ધ ગુજરાત સરકાર